Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# जैन धर्म प्रकाश.


भो भद्राः केयमविद्या ? कोऽयं मोहः ? केयमात्मवञ्चनता ? केयमात्मवैरिकता ? येन यूयं गृध्यथ विषयेषु । मुह्यथ कलत्रेषु । लुभ्यथ धनेषु । स्निह्यथ स्वजनेषु । हृष्यथ यौवनेषु । तुष्यथ निजरूपेषु । पुष्यथ प्रियसङ्गतेषु । रुष्यथ हितोपदेशेषु । दुष्यथ गुणेषु । नश्यथ सन्मार्गोद्यतेष्वस्मादृशेषु सहायेषु । प्रीयथ सांसारिकसुखेषु । न पुनर्यूयमभ्यस्यथ ज्ञानं । नानुशीलयथ दर्शनं । नानुतिष्ठथ चारित्रं । नाचरथ तपः । न कुरुथ संयमं । न संपादयथ सद्भूतगुणसंभारभाजनमात्मानमिति । एवं च तिष्ठतां भवतां भो भद्रा निरर्थकोऽयं मनुष्यभवः । निष्फलमस्मादृशसन्निधानं । निष्प्रयोजनो भवतां परिज्ञानाभिमानः । अकिञ्चित्करमिव भगवद्दर्शनासादनं । एवं हि स्वार्थभ्रंशः परमवशिष्यते । स च भवतामज्ञत्वमालक्षयति । न पुनश्चिरादपि विषयादिषु संतोषः । तन्न युक्तमेवमासितुं भवादृशां । अतो मुञ्चत विषयप्रतिबन्धं । परिहरत स्वजनस्नेहादिकं । विरहयत धनभवनममत्वव्यसनं । परित्यजत निःशेषं सांसारिकमलजम्बालं । गृह्णीत भागवतीं भावदीक्षां । विधत्त संज्ञानादिगुणगणसंचयं । पूरयत तेनात्मानं । भवत स्वार्थसाधका यावत्सन्निहिता भवतां वयं ।

उपमिति भवप्रपञ्चा कथा.

પુસ્તક ૩૦ મું. જેઠ. સં. ૧૯૭૦. શાકે ૧૮૩૬. અંક ૩ જો.

## चोरी निषेधक पद.

(રાગ સારંગ–મન માને નહિ સો ફેરા સમજાવું—એ રાગ.)

પર પ્રાણ સમાન, પરધન હરતાં જગમાં ચોર ગણાઇએ;
દંડે દરબાર, આ ભવ પર ભવ નરકતણાં દુઃખ પાઇએ. ટેક.
ધન જાય ચોરનું ચંડાળે, તે ચોર હાથ હૈયું બાળે,
ફરી પાપ જાય મરી પાતાળે. પર૦ ૧
કોઈ ચોરને નવ પાસે રાખે, ગુહ્ય વાત ન ચોર કને ભાખે,
ઘર સોંપે નહિ બગડી શાખે. પર૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઈ ન લખે ચોરતણું નામે, અપજશ પામે ઠામોઠામે,
વિશ્વાસ ન રાખે કોઈ ઠામે. પર૦ ૩
પડ્યું વિસર્યું આગુંદીધું લેતાં, પર વસ્તુ પોતાની કહેતાં,
શી ચોરને ઓળંભો દેતાં. પર૦ ૪
ધન ચોરતણી પાસે ન ઠરે, પ્રાયે લોકમાં દરિદ્રી ચોર ખરે.
નવ પેટ ભરાય ભૂખે જ મરે. પર૦ ૫
પરની થાપણ નવ ઓળવીએ, પર ગુણ-ગુણ પણ નવ ગોપવીએ,
**સાંકળચંદ** સુર સુખ અનુભવીએ. પર૦ ૬

---

# ज्ञानसार सूत्र विवरण.

## सर्व समृद्धि अष्टक. (२०)

( લેખક-સન્મિત્ર કર્પૂરવિજયજી. )

જ્ઞાન-જ્ઞાની પ્રત્યે હૃદય પ્રેમ-બહુ માન સાચવી જે કીટ-ભ્રમરીના ન્યાયે જ્ઞાન-જ્ઞાનીના અનુગ્રહને પામી શકે છે તે મહાનુભાવો નિજ ઘટમાં જ સઘળી ઋદ્ધિસિદ્ધિને સહેજે પ્રગટાવી શકે છે. તેથી અત્ર પ્રસંગાગત સર્વ સમૃદ્ધિ-અષ્ટક શાસ્ત્રકાર વખાણે છે.—

**बाह्यदृष्टिप्रचारेषु, मुद्रितेषु महात्मनः ॥**
**अंतरेवावभासन्ते, स्फुटाः सर्वास्समृद्धयः ॥ १ ॥**

**ભાવાર્થ**—બાહ્યદૃષ્ટિપ્રચારનો લોપ નષ્ટ થયે છતે મહાત્મા પુરુષને અંતરમાંજ સર્વ સમૃદ્ધિઓ સ્ફુટતર ભાસે છે. અર્થાત્ બાહ્યદૃષ્ટિપણું સમૂળગું દૂર થતાં તત્ત્વદૃષ્ટિપણું અધિકાધિક નિર્મલ થતું જાય છે અને નિર્મળ તત્ત્વદૃષ્ટિના યોગે સકલ સમૃદ્ધિ સહેજે ઘટમાં પ્રગટ થાય છે, જેથી સહજાનન્દ પ્રાપ્ત થતાં વિષયાસક્તિ વિગેરે દુષ્ટ વિકારો સ્વતઃ વિલય પામે છે અને નિર્મળ જ્ઞાનાદિ સદ્ગુણો સ્વતઃ પ્રગટે છે.

**વિવેચન**—જે મહાપુરુષને બાહ્યદૃષ્ટિનો પ્રચાર બંધ થયો છે-રોકાઈ ગયો છે, અર્થાત્ જગતના બાહ્ય પદાર્થ માત્રને જેણે પર જાણ્યા છે, બાહ્ય ઋદ્ધિને જે પૌદ્ગળિક પિંડ જાણે છે, તેની જેને કિંચિત્ પણ ઇચ્છા વર્તતી નથી, આત્માના ગુણ અથવા આત્મિક ઋદ્ધિને જે વાસ્તવિક ઋદ્ધિ જાણે છે, તેનાજ જે ખપી છે, તે મેળવવાને માટેજ જેનો અવિચ્છિન્ન પ્રયાસ છે તેવા મહાત્માઓને-અનિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મહારાજાઓને જગતમાં ઉત્તમ કહેવાતી, શ્રેષ્ઠ ગણાતી, વખણાતી તમામ પ્રકારની ઋદ્ધિઓ પોતાના આત્મામાંજ છે એમ પ્રગટ ભાસ થાય છે. ૧

આ જગતમાં ઇંદ્રની, ચક્રવર્તીની, નાગેંદ્રની, શંકર, વિષ્ણુ અને બ્રહ્માની તેમજ પ્રાંતે તીર્થંકર ભગવંતની ઋદ્ધિ શ્રેષ્ઠ ગણાય છે. તેમાં તીર્થંકર સિવાય બીજાઓની જે બાહ્યઋદ્ધિ કહેવાય છે તે બધી તેના હૃદયમાં તુચ્છ લાગે છે; પરંતુ તેની ઉપમાને યોગ્ય એવી આંતરિક ઋદ્ધિઓ તેની પાસે હોય છે જેથી તે પોતાને સર્વ કરતાં શ્રેષ્ઠ માની શકે છે અને તીર્થંકરની પદવી પણ તેવા સિધ્ધ યોગીને કાંઇ મુશ્કેલ લાગતી નથી. એ સર્વની ઋદ્ધિઓ સાથે હવે આત્મિક ઋદ્ધિઓ ઘટાવે છેઃ-

**समाधिर्नंदनं धैर्यं, दंभोलिः समताशची ॥**
**ज्ञानं महाविमानं च, वासवश्रीरियं मुनेः ॥ २ ॥**

**ભાવાર્થ**—સહજ-સ્વાભાવિક સમાધિરૂપી નંદનવન, ધૈર્યરૂપી વજ્ર, સમતારૂપી ઇંદ્રાણી, અને જ્ઞાનરૂપી વિશાલ વિમાન, એવી ઇંદ્રની જેવી ઉત્તમ સાહેબી મુનિને ઘટમાંજ પ્રગટે છે. અરે ! તત્ત્વદૃષ્ટિ નિર્ગ્રંથ મુનિરાજને તો ઇંદ્રથી પણ અત્યંત અધિક સાહેબી અંતરમાં પ્રગટે છે, કે જેથી દુનીઆમાં કોઈ પણ તેની હોડ કરી શકે નહિ. તેજ વાત શાસ્ત્રકાર નીચે સ્ફુટ બતાવે છે. ૨.

**વિવે૦** મહાત્માઓ ઇંદ્રનું નંદનવન, વજ્ર, ઇંદ્રાણીઓ અને વિમાનાદિકને તુચ્છ તેમજ અલ્પકાલીન અને વિનશ્વર સમજી પોતે ઇંદ્રની જેમ સમાધિરૂપી નંદન વનમાં, ધૈર્યરૂપી વજ્રને ધારણ કરીને, સમતારૂપી ઇંદ્રાણી સાથે આનંદ કરે છે. તેનું મહા વિમાન જ્ઞાન છે કે જેમાં તે નિરંતર વાસ કરે છે. જુઓ આમાં ખરી ઋદ્ધિ કોની છે ? સુજ્ઞ ! વિચારી જોજો. ૨

**विस्तारितक्रियाज्ञान-चर्मछत्रो निवारयन् ॥**
**मोहम्लेच्छमहावृष्टिं, चक्रवर्ती न किं मुनिः ॥ ३ ॥**

**ભાવાર્થ**-વિશાળ જ્ઞાન અને ક્રિયારૂપી ચર્મરત્ન અને છત્રરત્નથી મોહરૂપી મ્લેચ્છ રાજાએ કરેલી મહાવૃષ્ટિને નિવારતા મુનિરાજ ચક્રવર્તીની બરોબરી કરે છે. નિર્મલ જ્ઞાન દર્શન અને ચારિત્રરૂપી રત્નત્રયીના આરાધક મુનિરાજ કોઈ રીતે ચક્રવર્તીથી ન્યૂન તો નથીજ, કિંતુ અધિકજ છે. કેમકે મોહને હઠાવવાની તાકાત ચક્રવર્તીમાં નથી. ૩

**વિવ૦** ચક્રવર્તી જ્યારે ઉત્તર બાજુના ત્રણ ખંડ સાધવા માટે વૈતાઢ્ય પર્વતની ગુફામાંથી નીકળીને જાય છે ત્યારે ત્યાં રહેલા મ્લેચ્છ રાજાઓ પોતાને આધીન મેઘકુમારાદિ દેવોની સહાયથી જબરજસ્ત મેઘવૃષ્ટિ કરે છે, કે જેથી તે સહન તો શેની થાય પણ ચક્રવર્તીનું આખું સૈન્ય તેના જળપ્રવાહમાં તણાઈ જાય. તે વખતે ચક્રવર્તી પોતાને મળેલા ચૌદ રત્નો પૈકીના ચર્મરત્ન ને છત્રરત્નને પોતાના હસ્ત-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્પર્શથી વિસ્તારે છે એટલે તે બાર બાર યોજનના થઈ જાય છે. પછી ચર્મરત્ન ઉપર બધા લશ્કરને ચઢાવી છત્રરત્ન ઉપરથી ઢાંકી દેય છે, જેથી અંદર જળનું બિંદુ પણ પ્રવેશ કરી શકતું નથી. અને અંદર મણિરત્નથી સર્વત્ર પ્રકાશ રહે છે, ધાન્યની નિષ્પત્તિ પણ તાત્કાળિક થાય છે. આ પ્રમાણે રત્નાદિકની સહાયથી તેનું ચક્રવર્તીત્વ નભે છે. આ સંસારમાં ચક્રવર્તી તુલ્ય મોહરાજા છે, તે પોતાના મિથ્યાત્વ વિષયકષાયાદિ સેનાનીઓવડે આ જગતના સર્વ જીવોને અનેક પ્રકારની વિડંબનાઓ કરે છે. તેની વિડંબનાઓ કે જે મ્લેચ્છ રાજાઓની મેઘવૃષ્ટિની ઉપમાને સ્થાને છે તેના નિવારણ માટે મહાત્માઓ ક્રિયા ને જ્ઞાનરૂપ ચર્મરત્ન ને છત્રરત્નનો ઉપયોગ કરે છે; અર્થાત્ જ્ઞાનક્રિયાવડે તે મિથ્યાત્વાદિકની વિડંબનાઓનો નાશ કરે છે અને તે મિથ્યાત્વાદિકને પણ પરાસ્ત કરે છે. આવી ઉત્કૃષ્ટ ઋદ્ધિવાળા હોવાથી ખરા ચક્રવર્તી તો એ મહાત્માઓજ છે. ૩

नवब्रह्मसुधाकुंड–निष्ठाधिष्ठायको मुनिः ॥
नागलोकेशवद् भाति, क्षमां रक्षन् प्रयत्नतः ॥ ४ ॥

**ભાવાર્થ**—અભિનવ ( અપૂર્વ-નવનવા ) જ્ઞાનામૃતના કુંડમાં મગ્ન રહી પ્રયત્નથી શુદ્ધ ક્ષમા ગુણનું પાલન કરનારા મુનિરાજ પૃથ્વીનું પાલન કરનારા નાગેંદ્રની પેરે શોભે છે. અરે ! અધ્યાત્મ જ્ઞાનરૂપી અમૃતના કુંડમાંજ મગ્ન રહી સહજ શાંતિને સાક્ષાત્ અનુભવનારા ક્ષમાશ્રમણો નિર્મળ આત્મગુણથી નાગેંદ્ર કરતાં પણ અધિક શોભે છે. ૪

**વિવે૦**—' નાગરાજના તાબામાં નવ અમૃતના કુંડો છે અને તે આ પૃથ્વીને ધારણ કરી રહેલ છે. ' એમ અન્ય દર્શનીના શાસ્ત્રમાં કહેલ છે; તે સુધાકુંડો અને પૃથ્વીને ધારણ કરવાપણું મુનિરાજની ઋદ્ધિ પાસે લેખામાં નથી. કારણ કે મહાત્માઓ તો નવ પ્રકારના બ્રહ્મચર્યરૂપ સુધાકુંડના માલેક છે-સ્વામી છે. કે જે કુંડમાં રહેલી સુધા પ્રાણીને ખરેખર અમર કરી શકે છે. વળી તે મહાત્માઓ શુદ્ધ બ્રહ્મચર્યના પાળનારા છે અને ક્ષમા શબ્દે પૃથ્વીને બદલે ખરેખરી ક્ષમા કે જે ક્રોધને નિર્મૂળ કરનારી છે તેને મુનિ મહારાજા ધારણ કરે છે. મુનિ ક્ષમાવાન્ જ હોય છે, મુનિનું ભૂષણ જ ક્ષમા છે, મુનિ ક્ષમાવડેજ ઓળખાય છે, અને તેથી જ તે ક્ષમાશ્રમણ કહેવાય છે. આવી રીતે બ્રહ્મચર્યરૂપ સુધાકુંડના સ્વામી અને ક્ષમાને ધારણ કરનારા મુનિજ ખરા નાગેંદ્ર છે, અન્ય નાગેંદ્ર તો તેની પાસે કાંઈ લેખામાં પણ ગણી શકાય તેમ નથી. ૪.

मुनिरध्यात्मकैलाशे, विवेकवृषभस्थितः ॥
शोभते विरतिज्ञप्ति–गंगागौरीयुतः शिवः ॥ ५ ॥

For Private And Personal Use Only

**ભાવાર્થ**—અધ્યાત્મરુપી કૈલાસમાં વિવેકરુપી વૃષભ ઉપર આરુઢ થયેલા મુનિ જ્ઞપ્તિ ( જ્ઞાન ) અને નિવૃત્તિ ( ચારિત્ર–ક્રિયા ) યુક્ત હોવાથી ગંગા અને ગૌરી યુક્ત શિવ–શંકરની પેરે શોભે છે. તત્ત્વથી જોતાં અધ્યાત્મ ગિરિના ઉચ્ચ શિખર ઉપર જઇ રહેલા અને સદ્વિવેકરૂપી વૃષભ ઉપર સ્વાર થઇ સમ્યગ્ જ્ઞાનક્રિયાને સમતાથી સેવનારા નિર્ગ્રંથ અણગારો સદ્ગુણોમાં કોઇ રીતે શિવ–શંકરથી ઉતરતા તો નથીજ. કિંતુ એકાન્ત સુખશાન્તિના કરનારા હોવાથી ઉક્ત શંકરથી ચઢીયાતા છે. ૫

વિવે૦—બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર એ અન્ય દર્શનીના મુખ્ય ત્રણ દેવો છે તેમને અન્ય મતના શાસ્ત્રો એકરૂપ પણ કહે છે. તેમની ઋદ્ધિનું વર્ણન તેમના શાસ્ત્રોમાં જે આપેલું છે તે બતાવીને તેની સાથે મહાત્માઓની અમૂલ્ય ઋદ્ધિને ઘટાવે છે.

એ ત્રીપુટી પૈકી શંકર કૈલાસમાં વસે છે, તેનું વાહન વૃષભ છે અને તેને ગંગા ને ગૌરી ( પાર્વતી ) એ બે સ્રીઓ છે. આટલી ઋદ્ધિવડે તે ઋદ્ધિમાન ગણાય છે. મહાત્માઓ આ ઋદ્ધિને તુચ્છ ગણે છે. તેઓ તો અધ્યાત્મરૂપ કૈલાસ ઉપર બીરાજે છે, વિવેકરૂપ વૃષભનું તેમને વાહન છે અને વિરતિ ને જ્ઞપ્તિ ( ચારિત્ર ને જ્ઞાન ) તદ્રૂપ તેમને બે સ્રીઓ છે કે જે તેમની સાથે અવિચ્છિન્ન રહે છે. પેલી ગંગા ને ગૌરી તો પરલોકની સાથી થાય તેમ નથી પણ આ વિરતિ ને જ્ઞપ્તિ તો આત્માના આત્મરૂપ [illegible] છે અને આત્માને [illegible] આવો ઋદ્ધિવાળા ઉત્-ખરા શંકર તો મુનિમહારાજજ છે. ૫.

**ज्ञानदर्शनचंद्रार्क–नेत्रस्य नरकच्छिदः ॥**

**सुखसागरमग्नस्य, किं न्युनं योगिनो हरेः ॥ ६ ॥**

**ભાવાર્થ**—સમ્યગ્ જ્ઞાન અને દર્શનરુપી ચંદ્ર અને સૂર્ય જેવા નિર્મળ નેત્રોવાળા, [1]નરકને છેદવાવાળા અને સુખસાગરમાં શયન [2]કરનારા મુનિરાજ કોઇ રીતે હરિ ( વિષ્ણુ ) થી ન્યુન નથી. પરંતુ પરમાર્થથી જોતાં વિષ્ણુ કરતાં પણ વધારે સુખ–સમૃદ્ધ છે. કેમકે એવા મુનિરાજ અત્ર–લોકમાં પ્રશમજનિત ઉત્તમ સુખ સાક્ષાત્ અનુભવી અંતે અક્ષય અવ્યાબાધ સુખનેજ વરે છે. ૬

**વિવે૦**—હરિ જે વિષ્ણુ તેના બે નેત્ર સૂર્ય ને ચંદ્ર કહેવાય છે, વળી હરિ નરકાસુરનો નાશ કરનારા કહેવાય છે અને તે સમુદ્રમાં શયન કરે છે એમ તેમના શાસ્ત્રોમાં કહેલું છે. મુનિરાજ આ હકીકતને નિઃસાર માને છે, તેમજ અતિશયોક્તિ

૧ પક્ષે નરકાસુરને. ૨ સહજ સમાધિમાં ઝીલનારા–મગ્ન રહેનારા.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રૂપ માને છે. તે સાથે તેઓ પોતેજ ખરા વિષ્ણુરૂપ છે એમ બતાવી આપે છે. કારણ કે ચંદ્ર સૂર્ય નેત્ર તરીકે હોય એ અઘટમાન છે. તેને સ્થાને મહાત્માઓને તો જ્ઞાન ને દર્શનરૂપ બે અતિ નિર્મળ નેત્રો છે અને તેઓ નરક ગતિનો સર્વથા ઉચ્છેદ કરનારા હોવાથી ખરા નરકચ્છિદ્ તેજ છે. તેના ભક્તો પણ એ દુર્ગતિના ભાજન થતા નથી અને તે મહાત્માઓ સમાધિરૂપ જે અવિનશ્વર સુખ તેથી ભરપૂર સમુદ્રમાં અર્થાત્ સુખસમુદ્રમાં શયન કરે છે, નિરંતર આત્મિક સુખનેજ અનુભવ કરે છે અને તેમાંજ નિમગ્ન રહે છે. આ પ્રમાણે હોવાથી ખરા વિષ્ણુ-વિષ્ણુની વાસ્તવિક સમૃધ્ધિવાળા મુનિમહારાજાજ છે. ૬.

**या सृष्टिर्ब्रह्मणो बाह्या, बाह्यापेक्षावलंबिनी ॥**

**मुनेः परानपेक्षांत–र्गुणसृष्टिस्ततोऽधिका ॥ ७ ॥**

**ભાવાર્થ**—પરસ્પૃહારહિત સહજ આંતરગુણ સૃષ્ટિને કરનારા મુનિરાજ કેવળ બાહ્ય વસ્તુઓની અપેક્ષાવાળી બાહ્ય સૃષ્ટિને રચનારા બ્રહ્મા કરતાં બહુ ચઢિયાતા છે. નિઃસ્પૃહપણે આત્મગુણોનેજ પ્રગટ કરનારા મુનિઓ ઉપાધિ યુક્ત બાહ્ય સૃષ્ટિનાજ કરનારા બ્રહ્માને સદ્ગુણોથી ઉલ્લંઘી જાય એમાં આશ્ચર્ય શું ? નિરૂપાધિક ગુણસૃષ્ટિને કરવી-સર્જવી-વિસ્તારવી એજ મુનિનું કર્તવ્ય છે. ૭

**વિવે૦**—બ્રહ્મા આ સૃષ્ટિના રચનારા છે એમ અન્યમતીના શાસ્ત્રોમાં કહેલું ... તેમને સૃષ્ટિ રચવામાં બાહ્ય વસ્તુઓની અપેક્ષા રહેલી છે. બાહ્ય પદાર્થો સિવાય તે પૃથ્વી રચી શકતા નથી. જો કે એ વાતજ અસંભાવ્ય છે, આ સૃષ્ટિ તો અનાદિ છે. સ્વતઃ સિદ્ધ છે, તેના કર્ત્તા કોઈ છે નહીં અને હોઈ શકે પણ નહીં; પરંતુ એમ પ્રકારની લોકોક્તિને જણાવીને શાસ્ત્રકાર કહે છે કે-ખરા બ્રહ્મા તો મુનિ મહારાજાઓ છે કે જે અંતર્ગુણ સૃષ્ટિને રચે છે. જેમાં કિંચિત્ પણ બાહ્ય પદાર્થોની અપેક્ષા હોતી નથી. આ પ્રમાણે હોવાથી મહાત્માઓ બ્રહ્મા કરતાં પણ અધિક છે અથવા તો ખરેખરા બ્રહ્મા તેજ છે કે જે આત્મિક ગુણોનો આવિર્ભાવ કરે છે અને તેનાવડે સર્વોત્કૃષ્ટ સિદ્ધપણાની પદવીને મેળવે છે. ૭.

**रत्नैस्त्रिभिः पवित्रा या, श्रोतोभिरिव जान्हवी ॥**

**सिद्धयोगस्य साप्यर्हत्, पदवी न दवीयसी ॥ ८ ॥**

**ભાવાર્થ**—જેમ ત્રિવેણીથી ગંગા નદી પવિત્ર મનાય છે, તેમ રત્નત્રયીથી મનાતી શ્રી તીર્થંકરની પદવી પણ સિદ્ધયોગી એવા મહા મુનિરાજને કંઈ દૂર નથી. જેણે મન વચન અને કાયાને બરાબર નિયમમાં રાખી યોગસાધના ... છે એવા સિદ્ધયોગી મહાપુરૂષને તીર્થંકર મહારાજની પરમ પવિત્ર પદવી મળવી પણ સુલભ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવે૦—પ્રાંતે કહે છે કે રત્નત્રયીથી પવિત્ર એવી તીર્થંકરની પદવી પણ જેમણે યોગોને સિદ્ધ કર્યા છે એવા મહાત્માઓને મેળવવી દુર્લભ નથી. તેઓ મેળવવા ઇચ્છે તો તીર્થંકરની પદવી પણ મેળવી શકે છે. પરંતુ તેઓ તેના ઇચ્છક નથી. તેઓ તો આત્મિક ઋદ્ધિ પ્રગટ કરવાનાં ઇચ્છક છે, કારણકે આત્મિક ઋદ્ધિ તો તેમની અને તીર્થંકર ભગવંતની સમાન છે, બાહ્ય ઋદ્ધિમાંજ તફાવત છે. એટલે તેની તેમને અપેક્ષા-ઇચ્છા-વાંછા હોતી નથી. અનિચ્છકપણે પણ કેટલાક મહાત્માઓને તે ઋદ્ધિ પ્રાપ્ત થાય છે. ૮.

આ પ્રમાણે મહાત્માઓ સર્વ સમૃદ્ધિ સંપન્ન હોય છે, તેથી ઉત્તમ પુરૂષોએ બાહ્ય ઋદ્ધિની અપેક્ષા ન કરતાં આ અષ્ટકમાં બતાવેલી ભાવ સમૃદ્ધિ-આત્મિક ઋદ્ધિ મેળવવાનીજ ઇચ્છા કરવી અને તેને માટેજ અહર્નિશ પ્રયત્ન કરવો. ઇત્યલમ.

**તંત્રી.**

# मान्य महात्माओनुं योग्य सन्मान.

## ( અષ્ટમ સૌજન્ય. )

સૌજન્યતા વિષયને અંગે આપણે બાર વિષયો વિચારી ગયા છીએ. એ પૈકીના એક વિષય ઉપર આજે વિચાર કરીએ. આ જીવનનો વિશિષ્ટ હેતુ સર્વદા ધ્યાનમાં રાખવાની ખાસ જરૂર છે. મનુષ્ય જીવન અતિ વિશિષ્ટ હોવા સાથે એની દુર્લભતા સુજ્ઞ પુરૂષો અનેક પ્રકારે બતાવી ગયા છે એનું કારણ એ છે કે એ જીવનમાં મુક્તિનાં સાધનો બહુ અંશે પ્રાપ્ય છે. જીવનનો મુખ્ય હેતુ સુખ પ્રાપ્ત થાય તે છે, તેથી તે સ્થિતિ પ્રાપ્ત કરવા માટે મુમુક્ષુનો પ્રયત્ન હોય છે. હવે તે પ્રયત્ન કરતાં અનેક પ્રકારની ઉપાધિઓ આવે છે, માર્ગમાં પ્રત્યવાયો નડે છે, અને તેને દૂર કરવામાં મહા પુરૂષાર્થ કરવો પડે છે, એવી ઉપાધિઓ અને અગવડોની સામે થવા માટે હૃદયબળ બહુ મજબુત કરવું પડે છે અને અનેક ગુણ સંપત્તિઓ યોગ્યતા પ્રાપ્ત કરવા માટે મેળવવી પડે છે. પ્રાણી યોગ્ય દશામાં આવે તે માટે તેણે પ્રથમ તો અનાદિ કાળથી લાગેલ અંધકાર દૂર કરવા દીર્ઘ પ્રયાસ કરવો પડે છે અને જ્યારે યોગ્ય આત્મિક બળનો ઉપયોગ કરવામાં આવે ત્યારે તેનામાં ધીમે ધીમે ગુણપ્રાપ્તિ થતી જાય છે. તે સાધારણ રીતે માર્ગભ્રષ્ટ મનુષ્યની પેઠે આડો અવળો ધકેલા ખાતો રખડતો હોય છે; તેમાંથી પ્રથમ તે માર્ગાનુસારી થાય છે એટલે રસ્તાપર આવે છે અને અહીં તેને અનેક ગુણો પ્રાપ્ત થાય છે. એ માર્ગાનુસારીના પાંત્રીશ ગુણોપર અનેક જગોએ વિવેચન કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યું છે; તેથી આપણે એ ગુણોપર વિવેચન કરવા ન શેકાતાં એક બીજી નવીન હકીકત પર વિચાર કરીએ, પરંતુ એ હકીકત પર વિવેચન કરતાં પહેલાં અહીં જણાવી દેવું પ્રાસંગિક ગણાશે કે આપણે જે વિષય પર સૌજન્યને અંગે અત્ર વિચાર કરીએ છીએ તે માર્ગાનુસારીત્વના પાંત્રીશ ગુણો પૈકીનો એક ગુણ છે. એ વિષય ઉપર આગળ વિચાર કરીશું.

આ ચેતન અનાદિ મિથ્યાત્વમાં રાચી રહી આત્મભાવનો વિચાર ન કરતાં સંસારમાં આસક્ત બની એક ગતિમાંથી બીજીમાં અને બીજીમાંથી ત્રીજીમાં ભ્રમણ કર્યા કરે છે, એમ કરતાં કરતાં જ્યારે તેના સંસારનો કાંઈ પાર આવવા જેવું થાય છે ત્યારે તેને સંસાર ઉપર આસક્તિ ઓછી થાય છે, તેનું ભવાભિનંદીપણું દૂર થાય છે અને તેનામાં ગુણની વૃદ્ધિ થવા લાગે છે. અતિ અધમ દશામાં વર્તતો ચેતન જ્યારે ઉન્નત દશામાં આવે છે ત્યારે તેને ગુણપ્રાપ્તિ થવા માંડે છે અને પોતાનામાં પૂર્વે જે તદ્દન અધમ દશા વર્તતી હતી તેમાંથી તેનું ઉત્થાન થવાની શરૂઆત થાય છે. અનંત સંસારમાં પરિભ્રમણ કરતાં જે સ્થિતિ પૂર્વે કદિ પ્રાપ્ત થઇ ન હોય તેવી અપૂર્વ આનંદમય સ્થિતિ તેને હવે પ્રાપ્ત થવા માંડે છે અને તેને લઇને તે પોતાની ગુણવૃદ્ધિ કરવાના કાર્યમાં પ્રગતિ કરવાની શરૂઆત કરે છે. ચેતનની ભવચક્રમાં ભમવાની સ્થિતિમાં જે આવો મોટો ફેરફાર થાય છે તેને બહુ સૂક્ષ્મ રીતે અવલોકવા યોગ્ય છે અને શિષ્ટ પુરૂષો તેને બરાબર સારી રીતે જોઈ ગયા છે અને તેના પરિણામ આપણે માટે નોંધી ગયા છે; તે શિષ્ટ પુરૂષોના વિચાર અનુસાર આપણે અત્ર સહજ નિરીક્ષણ કરી જઇએ.

આ સ્થિતિમાં પ્રથમ તો એક ખાસ અગત્યની વાત આપણને એ પ્રાપ્ત થાય છે કે આત્માને અનંત સંસારમાં પર્યટણ કરાવનાર કર્મો છે, એના અનેક ભેદ વિભેદ પાડવામાં આવ્યા છે અને તે વિષય પરત્વે ખાસ ગ્રંથો લખવામાં આવ્યા છે. તેમાં વિચિત્ર કર્મોનાં ભેદ, ભેદનાં ભેદ, તેઓ કેવી રીતે આત્મપ્રદેશ સાથે લાગે છે, ત્યાં લાગ્યા પછી તેનું શું થાય છે, કેટલો વખત લાગેલાં રહે છે, ક્યારે ઉદયમાં આવે છે, કેટલા વખત સુધી ઉદયમાં આવે છે, ઉદયમાં આવે છે ત્યારે શું ફળ આપે છે, ઉદયમાં આવતાં પહેલાં સત્તાગત સ્થિતિમાં કેટલો વખત પડ્યા રહે છે, ઉદય કેવી કેવી રીતે આવે છે, બંધાયેલ કર્મોમાં મોટા ફેરફારો વિગેરે કેવી રીતે થાય છે-એ વિગેરે અનેક કર્મ સંબંધી હકીકત બહુ સૂક્ષ્મ રીતે પ્રદર્શિત કરી તે સંબંધનું તત્ત્વજ્ઞાન બહુ સુંદર રીતે બતાવ્યું છે. એ વિષયમાં કર્મનો અને આત્માનો સંબંધ કેવી રીતે થાય છે અને આત્મા કર્મોને કેવી રીતે ખપાવી શકે છે, દૂર કરી શકે છે, કેવી સ્થિતિમાં કર્મનો દાસ થઇને કર્મનું કહ્યું કરે છે અને કેવી સ્થિતિમાં કર્મપર સામ્રાજ્ય મેળવી તેને દૂર કરી સર્વથા અલિપ્ત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થઈ જાય છે—આવા અતિ અગત્યના વિષયને અંગે આપણે જો લખવા માંડીએ તો મૂળ વિષય બાજુએ રહી જાય અને પ્રાસંગિક બાબત વધી જાય તેથી તે વિષયને હાલ બાજુ ઉપર રાખી પ્રાસંગિક એટલું જ જણાવશું કે કર્મો આત્મા સાથે અમુક નિયમોને અનુસરીને જ લાગે છે અને તે સર્વ નિયમો એવા એક સરખા છે કે એને એકઠાં કરી ગણી શકાય તેમ છે. આવા સર્વ નિયમો વિશિષ્ટ ગ્રંથોમાં બતાવવામાં આવ્યા છે. એ કર્મોથી પરતંત્ર બની પ્રાણી સંસારમાં પર્યટણ કરે છે, કોઈવાર સુખ મેળવે છે, કોઈવાર મહા યાતના ભોગવે છે; કોઈવાર હુકમ બજાવે છે, કોઈવાર હુકમ ઉઠાવે છે; કોઈવાર એશ આરામ ભોગવે છે; કોઈવાર મજુરી કરે છે; કોઈવાર સામંત ચક્રવર્તી કે વિદ્યાધરની પદવી ધારણ કરે છે અને કોઈવાર તેનો સેવક થાય છે; કોઈવાર મનુષ્ય થાય છે અને કોઈવાર તિર્યંચ ગતિમાં જાય છે; કોઈવાર એક દિવસમાં લાખો હજારો રૂપિઆ પેદા કરે છે અને કોઈવાર ટકાનો ત્રણ શેર વેચાય છે; આવી વિચિત્ર સ્થિતિ કર્મ ઉત્પન્ન કરે છે. એવી રીતે અનંત સંસાર પરિભ્રમણ કરતાં કરતાં આ ચેતનનો અનંત કાળ ચાલ્યો ગયો, એણે અનેક વેશો ભજવ્યા, અનેક નાચ નાચ્યો, અનેક ગતિમાં ભ્રમણ કર્યું, અનેક નામો ધારણ કર્યાં, અનેક વખત માર ખાધાં, અનેક વખત ત્રાસ સહન કર્યાં, અનેક વખત ભાર ઉપાડ્યા અને જેવી જેવી કલ્પનાઓ સુખની અને દુ:ખની થઈ શકે તે સર્વ તેણે સહન કર્યું, તે સર્વ તેણે અનુભવ્યું અને તે સર્વ ઘણી વખત પોતાના સંબંધમાં સીધી રીતે અને આડકતરી રીતે વેદ્યું. આવી સ્થિતિમાં એક ખાડામાંથી બીજામાં અને બીજામાંથી ત્રીજામાં એમ ઉત્તરોત્તર રખડપટ્ટી કરતાં એનો અનંતો કાળ ગયો, પરંતુ તેનામાં યોગ્ય વિવેચન કરવાની અને સ્વપરને ઓળખવાની શક્તિ આવી નહિ; તેથી તે કોઈપણ જગોએ સ્થીર રહી શક્યો નહિ, પોતાનું સાધ્ય સમજી શક્યો નહિ અને સાધ્ય પ્રાપ્ત કરવાનાં સાધનો મેળવવા માટે પ્રયત્ન કરી શક્યો નહિ. જ્યાં સાધ્ય શું છે તેજ સમજાય નહિ ત્યાં પછી તેની પ્રાપ્તિનાં સાધનો મેળવવાની તો સંભાવના પણ ક્યાંથીજ રહે ?

આવી રીતે સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં—અનેક પ્રકારના વેશ કાઢતાં જ્યારે કાંઇક સાધ્યનું સાન્નિધ્ય થાય છે, ભવસ્થિતિ પરિપક્વ થાય છે, અને સંસાર ઉપર ઉદ્વેગ આવે છે ત્યારે ચેતનજીની ઉત્ક્રાન્તિ થાય છે. એ ઉત્ક્રાન્તિ પણ અમુક નિયમસરજ થાય છે. જો કે તેની ગતિમાં ઘણો તફાવત હોય છે; એટલે કે જે વિશુદ્ધ આત્માઓ એકદમ ઉન્નતિમાં આગળ વધવા માંડે છે, તેઓ ઉન્નતિના માર્ગમાં બહુ જલદી પ્રયાણ કરવા લાગે છે ત્યારે કેટલાક ધીમી ચાલે ચાલે છે, પરંતુ સર્વને એ ઉન્નતિ માર્ગ પર પ્રયાણ તો જરૂર કરવુંજ પડે છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામાન્ય રીતે ઓઘદૃષ્ટિમાં વર્તતા પ્રાણીઓને કોઇ પણ ધર્મ ઉપર રૂચિ થતી નથી અથવા થાય છે તો તેના હાર્દમાં પેસીને કયા દૃષ્ટિબિન્દુથી તે સત્ય છે, તેમાં કેટલું અસત્ય છે અને તેમાં વિશેષતા શું છે-એવી સૂક્ષ્મ બાબતનું જ્ઞાન તેને થતું નથી. કાંતો અંધ આસ્થા અથવા કુતર્ક ગ્રહમાં આસક્ત થઈ પોતાની માન્યતાને સત્ય માની તે અભિનિવેશ કર્યા કરે છે અને ઘણું ખરૂં તો પોતાના બાપદાદાથી ઉતરી આવેલા ધર્મને સર્વથી ઉત્તમ સમજે છે અથવા ધાર્મિક બાબતમાં તદ્દન શૂન્ય રહે છે. આવી સ્થિતિમાંથી યોગ્ય વિવેક પ્રાપ્ત થવાની સ્થિતિમાં આવ્યા અગાઉ ચેતનજીને બહુ પ્રયાણ કરવું પડે છે, મિથ્યા જ્ઞાનમાંથી સમ્યગ બોધની સ્થિતિમાં આવતા પહેલાં બહુ મોટો પ્રયાસ કરવો પડે છે અને તે સ્થિતિ પ્રાપ્ત થાય તે અતિ અગત્યની હોવાથી તેને અંગે અહીં ઘણો વિચાર કરવાનો છે.

જ્યારે સાધ્યનું સામીપ્ય થાય એટલે કે મોક્ષ તરફ પ્રયાણ થાય ત્યારે આ સ્થિતિ પ્રાપ્ત થાય છે. જૈન પરિભાષામાં બોલીએ તો છેલ્લા પુદ્ગળ પરાવર્તનમાં આ ચેતન સાધ્યની સમીપ અથવા તેની નજીક આવે છે. તે વખતે તેને જે સ્થિતિ પ્રાપ્ત થાય છે તેપર આપણા પ્રસ્તુત વિષયને ખાસ સંબંધ હોવાથી આપણે તે સંબંધી અત્ર વિચાર કરીએ. અહીં જ્યારે પ્રાણી આવે છે એટલે કે એને જ્યારે સાધ્યનું સામીપ્ય પ્રાપ્ત થાય છે ત્યારે તેને વિચાર થાય છે કે હું જે ધન, સ્ત્રી, પુત્ર, કીર્તિ વિગેરે માટે પ્રયાસ કરૂં છું તેને અને મારે સંબંધ કેટલો છે, કેવો છે, શામાટે છે અને કયાં સુધી ચાલે તેવો છે? એ પ્રમાણે વિચાર કરતાં કરતાં તેને જણાય છે કે પોતે અત્યાર સુધી જે સ્થિતિમાં તન્મય થઈ આનંદ માનતો હતો તેમાં તે મોટી ભૂલ કરતો હતો, કારણ કે વસ્તુતઃ આનંદ કેવો હોવો જોઈએ તેનો પોતાને ખ્યાલ ન હોવાથી તે સ્થૂળ આનંદમાંજ તૃપ્ત થઈ જતો હતો. એવા વિચારને પરિણામે તેના હૃદયમાં કાંઈક આત્મિક અને પોદ્ગલિક પદાર્થ વચ્ચેનો ભેદ પડે છે, જો કે એ જ્ઞાન તેને બહુ ઉપર ઉપરનું થાય છે તોપણ વિશિષ્ટ બોધની વાનકી તેને અહીં પ્રાપ્ત થાય છે અને સાધ્યનું જો કે તેને દર્શન થતું નથી પણ ઉંડાણમાં તેની વાસના ઉત્પન્ન થાય છે; તેથી તેના તરફ આકર્ષણ થાય છે અને તે તરફ તેની વૃત્તિ દોરાય છે. એ સર્વને પરિણામે તેને સંસાર ઉપર ઉદ્વેગ આવે છે, તેના ઉપર એક પ્રકારનો તિરસ્કાર છુટે છે અથવા બરાબર કહીએ તો તેના ઉપર તેને અરૂચિ થાય છે. જેમ માંદા માણસને જે ભોજન હમેશાં બહુ પ્રિય લાગતું હતું તેના તરફ મંદવાડ વખતે નજર નાખતાંજ ઉલટી આવે છે, વોમીટ થાય છે અને તેના ઉપર અરૂચિ થાય છે તેવા પ્રકારની કાંઈક તેની મનોભાવના સંસાર તરફ થાય છે અને તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એમ લાગવા માંડે છે કે અત્યાર સુધીની તેની પ્રવૃત્તિ હતી તે સર્વ ખોટે રસ્તે દોરાતી હતી, ફસાવનારી હતી, અતિ દુઃખ ઉપજાવનારી હતી. અત્યાર સુધી તે જેમાં આનંદ માનતો હતો તેમાં આનંદ કાંઈ હતોજ નહિ. આનંદનો તેનો ખ્યાલજ ખોટો હતો-વિગેરે વિગેરે વિચારો કાંઈક વ્યક્ત ભાવે અને કાંઈક અવ્યક્ત ભાવે તેને આવવા માંડે છે ત્યારે તે તદ્દન ઓઘદૃષ્ટિમાંથી નીકળી ઉન્નતિક્રમમાં આગળ પ્રયાણ કરે છે અને તે વખતે તેની ભવસ્થિતિ પરિપકવ થયેલી હોવાથી તેને પ્રથમ દૃષ્ટિ પ્રાપ્ત થાય છે. એ પ્રથમની યોગ દૃષ્ટિનું નામ **મિત્રા** દૃષ્ટિ કહેવામાં આવ્યું છે. એ દૃષ્ટિમાં વર્તતા પ્રાણીને દ્રવ્ય અભિગ્રહ કરવા રૂચિ થાય છે એટલે સમ્યગ બોધ થયા પછી ને વસ્તુ સ્વભાવ જાણ્યા પછી ત્યાગ થાય તેવો ત્યાગ તો તેને અહીં થતો નથી, પણ બાહ્ય દૃષ્ટિથી કેટલાક નિયમો તે લે છે અને તેને પાળવા અને તેને અનુસરવા મનમાં નિર્ણય કરે છે. અહીં એને તત્ત્વબોધ પણ થાય છે પણ તે બહુ સૂક્ષ્મ થતો નથી. જેમ તૃણનો અગ્નિ થયો હોય અને તે થોડા વખતમાં નહિવત્ થઇ જાય છે તે પ્રમાણે બોધનો અહીં સામાન્ય ઝબકારો થઈ જાય છે. આ સ્થિતિ પ્રાપ્ત થયા પછી પ્રથમ દૃષ્ટિમાં જે ખાસ અગત્યની બાબત બને છે તે એ છે કે તેને અહીં અદ્વેષ ગુણસ્થાન પ્રાપ્ત થાય છે. એને પરિણામે એ અન્ય દર્શન કે સંપ્રદાય ઉપર દ્વેષ છોડી દે છે અને તેના અનુયાયીઓ તરફ વૈરભાવનો ત્યાગ કરી દે છે. તે અન્યમત સ્વીકારતો નથી, પણ તે મત ક્યા દૃષ્ટિ બિન્દુથી સત્યનો અંશ ગ્રહણ કરી નીકળ્યો હશે તે સમજવા યત્ન કરે છે અથવા શિષ્ટ પુરૂષો તે સંબંધમાં જે કહે તે વિચાર કરી સ્વીકારે છે. પરમત સહિષ્ણુતા તેનામાં એટલી સજ્જડ આવી જાય છે કે તે કોઈના ઉપર દ્વેષ લાવતો નથી. હિન્દુસ્તાનનો ઇતિહાસ તપાસતાં ધર્મને નામે કેટલી લોહીની નદીઓ ચાલી છે અને સ્વમત સ્થાપન માટે પ્રયત્ન કરતાં આખા દેશની કેવી છિન્નભિન્ન સ્થિતિ થઈ ગઇ છે તેપર વિચાર કરતાં દેશની પરતંત્રતાનું પ્રથમ બીજ આપણને સહજ સમજાવા સાથે મનમાં મોટો ખેદ કરાવે છે. ભગવંતના શાસનમાં વર્તવાના માર્ગપર આવતાં હજુ તદ્દન પછાત સ્થિતિમાં રહેલ પ્રાણીમાં પણ પરમત સહિષ્ણુતાનો ગુણ એટલો આવી જાય છે કે જૈન કોમના સંબંધમાં જ્યારે એવો આધારભૂત ઇતિહાસ લખાશે ત્યારે તેમાં આવા પ્રસંગ આવવાનો સંભવ રહેશે નહિ એમ ધારી શકાય. અજ્ઞ આગેવાનો અને ધર્મનું રહસ્ય ન સમજનાર પંડિતમન્ય ગુરૂઓએ પ્રતાપી ધર્મની છાયામાં રહી કોઈ કોઇવાર આ પ્રથમ દૃષ્ટિમાં રહેલા સાધારણ ગુણનો ઉચ્છેદ કરવા જેવું પગલું ભર્યું હોય તો તે અતિ ખેદાસ્પદ છે; પણ એમ માનવામાં ભૂલ જણાતી નથી કે એવી સ્થિતિ થઇ હોય તો પણ આ દર્શનમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બહુ અલ્પ હશે. એ વિષય હાલ બાજુપર રાખી આ દ્રષ્ટિમાં વર્તતા ઉન્નત સ્થિતિમાં આગળ પ્રયાણ કરનાર જીવના લક્ષણો વિચારતાં એમ જણાય છે કે યોગનું પ્રથમ અંગ **યમ** અહીં પ્રાપ્ત થાય છે. એટલે પ્રાણાતિપાતનો ત્યાગ ( અહિંસા ), સત્ય, અસ્તેય, મૈથુન વિરમણ અને અપરિગ્રહતા આ પાંચ યમો અમુક થોડે અંશે અહીં પ્રાપ્ત થાય છે. તેનો અહીં આદર થાય તે દ્રવ્ય અભિગ્રહરૂપે ઉપર જણાવ્યું તેમ સમજવો. વિશેષ વિરતિરૂપે ત્યાગ તો આગળ ઉન્નતિ ક્રમમાં પંચમ દ્રષ્ટિએ થવાનો છે. એ ઉપરાંત આ દ્રષ્ટિમાં બહુ ઉત્તમ સંયોગો ચેતનને પ્રાપ્ત થાય છે અને જેમ પતિ વિરહી સ્ત્રી પતિને મળવાની રાહ જુએ અથવા ચકોર પક્ષી ચંદ્ર ઉદયની રાહ જુએ તેમ આ પ્રાણી ઉત્તમ નિમિત્તો પ્રાપ્ત કરવાની રાહ જુએ છે અને જ્યારે કોઇ ગુણ સાથે અથવા ગુણવાન સાથે પ્રસંગ પડવાનું કારણ બની આવે ત્યારે તે નિમિત્તનો તે બહુ સારી રીતે ઉપયોગ કરી તેનો પૂરતી રીતે લાભ લે છે, વળી તેના આત્માની અથવા વાસ્તવીક કહીએ તો તેની આજુબાજુની હવા પણ એટલી સુધરી ગયેલી રહે છે કે તેને સાધારણ રીતેજ ઉત્તમ નિમિત્તોનો સંયોગ થાય છે. આ એક સાધારણ નિયમ છે કે અમુક વસ્તુની દ્રઢ આસ્થાથી ઇચ્છા કરવામાં આવે છે તો તે જરૂર પ્રાપ્ત થાય છે. જો સ્થૂળ વસ્તુઓની ઇચ્છા અતિ ચીવટથી કરવામાં આવે છે તો તે પણ મળી આવે છે અને જ્યારે ચેતનને ઉત્ક્રાન્તિ કરવાની ઇચ્છા થાય છે ત્યારે તેને તેવા સંયોગો સહજ પ્રાપ્ત થઇ આવે છે. **यादृशी भावना तादृशी सिद्धिः** એમ જે લોકોક્તિ છે તે કેટલીક વખત બરાબર યથાસ્થિત રીતે બંધબેસતી આવેછે. જ્યારે પ્રાણીને પોતાની ઉન્નતિ કરવાનો વિચાર થાય છે ત્યારે તેને તત્પ્રાયોગ્ય સાધનો મળી આવે છે અને તેને પ્રાપ્ત કરીને તે ઉન્નતિ ક્રમમાં આગળ વધતો જાય છે. અહીં પ્રથમ દ્રષ્ટિમાં તે જે બીજા ગુણો પ્રાપ્ત કરે છે તેની સાથે તે યોગ્ય પુરૂષને યોગ્ય માન આપવાનો ગુણ પ્રાપ્ત કરેછે. તેના સંબંધમાં લખતાં **શ્રીમદ્યશોવિજય** ઉપાધ્યાયજી લખે છે કે--

**યોગનાં બીજ ઇહાં ગ્રહે, જિનવર શુદ્ધ પ્રણામો રે;**
**ભાવાચારજ સેવના, ભવ ઉદ્વેગ સુઠામો રે. વીરજિનેશ્વર દેશના.**

મતલબ અહીં યોગનાં બીજ ગ્રહણ કરે છે અને ખરેખરા આગમવિહિત રીતે પ્રવૃત્તિ કરનાર આચાર્યની સેવના-પર્યુપાસના કરે છે અને સંસાર ઉપર ઉદ્વેગ લાવે છે. આ પ્રમાણે સર્વ થાય છે તેનું કારણ એ છે કે અહીં યોગનાં બીજને પ્રાણી ધારણ કરે છે અને તેમાંથી તેના સંબંધમાં ભવિષ્યમાં જેવી જેવી તેની ઉત્ક્રાન્તિ થતી જાય છે તેમ તેમ એ બીજનો વિકાસ થતો જાય છે. યોગ, ક્રિયા અને ફળ એ ત્રણેને અંગે અહીં અવંચકભાવ પ્રાપ્ત થાય છે, તેથી તે પોતાના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્માને છેતરતો નથી અને વસ્તુતઃ સત્ય માનીને-સમજીને આત્મોન્નતિ માટે ક્રિયા કરે છે, યોગપ્રવૃત્તિ સ્પષ્ટ રીતે શુદ્ધ માર્ગે કરે છે અને તેથી તેના ફળમાં પણ છેતરાતો નથી. આ ત્રણ અવંચક ભાવ ( યોગાવંચક, ક્રિયાવંચક અને ફળાવંચક ) અહીં પ્રાપ્ત થાય છે તેથી તેના નિમિત્તો અને સંયોગો સુધરી જાય છે અને તે સ્વને બરાબર માર્ગ ઉપર મૂકી દે છે. એનો માર્ગ એટલો બધો સુધરી જાય છે કે તે અત્યારસુધી વિષય કથામાં આનંદ માનતો હતો, રાજકથા, દેશકથાદિક વિકથામાં રસ લેતો હતો તેને બદલે હવે તેને બીજકથામાં રસ આવે છે. સાધ્ય શું છે? ક્યાં છે? કેમ મળે? વિગેરે વિગેરે વાતો કરવામાં, સંસારનું સ્વરૂપ સમજવામાં અને ભવનું વિરસપણું વિચારવાની વાતોમાં તેને રસ આવે છે. આ દશા પ્રથમ દૃષ્ટિમાં વર્તતા પ્રાણીને પ્રાપ્ત થાય છે.

અહીં આપણે પ્રસ્તુત વિષય વિચારતાં એક બે વાત કરી નાખીએ. સમકિત પાંચમી દૃષ્ટિએ નિયમા થાય છે. જેઓ એમ માની બેઠા હોય કે અમારામાં સમ્યક્ત્વ છે તેમણે આ પ્રથમ દૃષ્ટિમાં કહેલા ગુણો પોતામાં છે કે નહિ તેનો વિચાર કરી લેવો. સમ્યક્ત્વ જે યોગમાં મહા ઉચ્ચ દશા બતાવે છે તે સાધારણ ગુણ નથી. એની પ્રાપ્તિ થઈ ગઈ છે એમ માની લઈ ઢંગધડા વગરનું વર્તન ચલાવવું એ તો એક પ્રકારની ધૃષ્ટતાજ છે. પ્રથમ દૃષ્ટિનું સ્વરૂપ વિચારતાંજ જણાશે કે સમકિત તો શું પણ પ્રથમ દૃષ્ટિમાં આવવાની વાતના પણ બહુ પ્રાણીઓ માટે વાંધા છે. બીજી વાત એ છે કે આ દૃષ્ટિમાં માન્ય પુરૂષોને માન આપવું એ ગુણ પ્રાપ્ત થાય છે અને તેથી ઉન્નતિક્રમમાં જે અતિ અગત્યના ગુણો પ્રાપ્ત કરવાના છે તેની શરૂઆતમાં આ ગુણ પ્રાપ્ત થાય છે એ વાત મનમાં વિચારવાની છે. એક વાત કરી આપણે મૂળ વિષય ઉપર આવી જઇએ. જેમ જેમ દૃષ્ટિમાં આગળ વધારો થતો જાય છે તેમ તેમ તેનામાં અનેક ગુણની નિષ્પત્તિ થતી જાય છે, તે ગુણસ્થાનમાં આગળ વધતો જાય છે, બોધની નિર્મળતા થતી જાય છે અને સાધ્યની નજીક જતો જાય છે. સાથે એટલું પણ યાદ રાખવાનું છે કે પ્રાપ્ત થયેલા ગુણો ઉન્નતિક્રમમાં આગળ વધતાં વિકાસ પામે છે, ઓછા થતા નથી અને જો ઉન્નતિક્રમમાં આગળ વધેલા પ્રાણીમાં નીચેના ગુણો વિકસ્વરતા સાથે ન જણાય તો તે આગળ વધેલ નથી એમ સમજવું.

આપણે ઉપર જોઈ ગયા છીએ કે વડીલને યોગ્ય માન આપવું એ માર્ગાનુસારીનો એક ગુણ છે. જેઓ માર્ગ પર ચઢી ગયા હોય, મોક્ષનું પ્રયાણ આદરી બેઠા હોય અને રાજમાર્ગે ચાલતા હોય તેનામાં કેટલાક ગુણો હોય છે એમ તેઓને શોધીને સમજવા માટે શાસ્ત્રકાર કહે છે. એનામાં પાંત્રીશ ગુણો શાસ્ત્રકારે બતાવ્યા છે તે વાંચવાથી જણાશે કે વ્યવહારકુશળ, સદ્બુદ્ધિવાન્

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને નીતિને માર્ગે ચાલનારા સદ્ગુણી પ્રાણીમાં જે લક્ષણો આપણે વિચારી શકીએ તે તેમાં આપવામાં આવ્યા છે. એ માર્ગાનુસારીના લક્ષણો પૈકી કેટલાક વ્યવહારૂ છે, કેટલાક નીતિના નિયમને લગતા છે અને કેટલાક અમુક જમાનાને અંગે વિશિષ્ટ ગણાતા શુભ નિયમો છે. એ નિયમો વાંચવાથી શાસ્ત્રકાર આ પ્રાણીના સંસાર સંબંધ અને વ્યવહારની બાબતમાં પણ કેટલી ચીવટથી ધ્યાન આપે છે એ જણાઈ આવે છે. એ માર્ગાનુસારી પ્રાણી તે પ્રથમની ચાર દ્રષ્ટિમાં ઓછી વધતી વિકસ્વરતા પામેલો પ્રાણી સમજવો. નીતિના નિયમો પાળનાર, આ ભવમાં સર્વ સુખ મળે છે એમ સમજી બેસી ન રહેનાર અને આત્મિક ઉન્નતિ કરવાની ઇચ્છાવાળો પ્રાણી ગલીઓનો માર્ગ મૂકીને રાજ્યમાર્ગ પર આવી જાય છે અને સાધ્ય તરફ પ્રયાણ કરે છે. અમુક દેશ તરફ મુસાફરી કરનાર પ્રાણી રાતે સુવે છે, પણ સવાર પડતાં પાછી પોતાની મુસાફરી આગળ ચલાવે છે; એમ માર્ગાનુસારી દશામાં આવ્યા પછી પ્રાણી મોક્ષ તરફ સર્વથા નિવૃત્તિ ભાવ મેળવવા માટે પ્રયાણ ચાલુ રાખે છે અને વચ્ચે દેવગતિ આદિમાં સુખ મેળવવા સારૂ જાય છે. તેને રાત્રિ શયન સાથે સરખાવીએ તો વળી મનુષ્ય ગતિ રૂપ પ્રભાતની પ્રાપ્તિ થતાં પ્રયાણ આગળ ચલાવે છે. આવી રીતે વિકસ્વરતા પ્રાપ્ત કરતો કરતો પ્રાણી અનેક ગુણોનો વિકાસ કરે છે અને આગળ વધતો જાય છે.

એ માર્ગાનુસારીના ગુણો પૈકી ત્રીશમો ગુણ 'વિનય' છે. એના સંબંધમાં વિવેચન કરતાં એક વિદ્વાન લખે છે કે જે પોતાથી ગુણે, પદવીએ અથવા બીજી કોઇ રીતે મોટા હોય તેનો યોગ્ય વિનય કરવો. ત્યારે સહજ પ્રશ્ન ઉદ્ભવે છે કે વિનયની જરૂરીઆત શી? અને તેમ કરવાથી લાભ કેવા પ્રકારનો અને શા માટે થાય? આ એક સહજ ઉત્પન્ન થાય તેવો પ્રશ્ન છે, તેનો ઉત્તર આપણે વિચારીએ. ગુણ પ્રાપ્તિનું જેને સાધ્ય હોય એટલે જે પ્રાણીની ઇચ્છા ગુણો પ્રાપ્ત કરવાની હોય તેણે ગુણને અને ગુણવાનને ઓળખવા જોઇએ. ગુણ એવી વસ્તુ નથી કે તે હાથમાં આવે. તેથી પ્રથમ ગુણવાન સાથે સારી રીતે પરિચય કરી તેઓમાં કયા ગુણો છે અને તે પોતે કેવી રીતે મેળવી શકે અથવા તે પોતાને પ્રાપ્તવ્ય છે કે નહિ તેનો વિચાર કરવો જોઈએ. ગુણને ઓળખવાનો અને તેની કિંમત સમજવાનો સરળ માર્ગ એજ છે કે ગુણવાન પ્રાણી સાથે પરિચય કરવો. હવે સાધારણ પરિચયથી ગુણવાનમાં શું મહત્તા છે તે સમજાતી નથી. ચાલ્યા જતાં રસ્તે મળવાથી કે તેની સાથે ઉપર ઉપરની વાતચીત કરવાથી ગુણોનું ભાન થતું નથી. તેને માટે તેનો વિશેષ પરિચય કરવાની જરૂર પડે છે. પરિચય કરી બરાબર અનુસરણ થાય ત્યારેજ ગુણની મહત્તા પ્રાપ્ત થાય છે અને તેનો ખ્યાલ આવે છે. એક સાધુ પુરૂષમાં ક્ષમા ગુણ અપૂર્વ હોય તો તેની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે પરિચયમાં આવવાથીજ સમજાય, કારણકે સાધારણ રીતે તો દરેક પ્રાણી ક્ષમા રાખેજ છે, પરંતુ ક્રોધ કરવાનો ખાસ પ્રસંગ આવે તે વખતે પણ તેની મુખમુદ્રામાં વિકાર પણ ન થાય ત્યારે તેનામાં ક્ષમા ગુણ કેટલો છે તેનો ખ્યાલ આવે છે. વળી પરિચય કરવાથી કેટલાક ગુણવાન હોવાનો દંભ રાખતા હોય છે તેની પણ પરીક્ષા થઈ જાય છે. આપણે અત્ર જે પરિચય કરવાની વાત કરીએ છીએ તે દાંભિક માણસોને શોધવા માટે નથી, આપણો આશય તો ગુણવાનમાં ગુણો કેટલા છે અને તે ક્યારે, કેવી રીતે આવિર્ભાવ પામે છે તે જોઈ તેવા ગુણ આપણામાં પ્રાદુર્ભાવ પમાડવાના માર્ગદર્શક તરીકેજ તેનો ઉપયોગ કરવાનો છે; દાંભિક હોય તેનો પરિચય મૂકી દેવો. એવા દંભનું ફળ તેને મળશે. આવા દાંભિકને શોધવા માટે આપણે કોઈ ગુણવાનનો પરિચય કરતા નથી; પરંતુ પરિચયને અંગે દંભનું પણ જ્ઞાન થઈ જાય છે કે એ એક અકસ્માતિક ફળ છે.

આ તો ગુણવાનના પરિચયની ગુણની શોધ માટે એક સાધારણ વાત થઈ. હવે જ્યારે એવા ગુણવાનનો પ્રસંગ પડે ત્યારે તેનો યોગ્ય વિનય કરવો યુક્ત છે. સાધારણ ગુણવાન્ હોય તો સાહેબજી કરીને, તેથી વિશેષ પ્રણામ, નમન, વંદન આદિ યોગ્ય રીતે તેનો સત્કાર કરવો–તેનું બહુ માન કરવું એ ગુણની કિંમત કરવા બરાબર છે. જૂદા જૂદા દેશમાં અને જૂદા જૂદા સમયમાં સન્માન કરવાની રીતિમાં ફેર પડે છે. આપણા દેશ અને સમયાનુસાર શિષ્ટાચાર પ્રમાણે પંક્તિસર માન આપવાની જે પદ્ધતિ હોય તે પ્રમાણે યોગ્ય પુરૂષની લાયકાત અનુસાર માન આપવું તે ગુણની બુઝ કરવા જેવું છે, ગુણની આપણા મનમાં કિંમત છે એમ બતાવવા જેવું છે અને તેદ્વારા ગુણ બરાબર સારી રીતે પ્રાપ્ત થાય છે એમ અન્યને પણ બતાવવા જેવું છે. ગુણના સંબંધમાં આ એક અતિ મહત્વની વાત છે કે જે ગુણ પ્રાપ્ત કરવા ઇચ્છા હોય તે ગુણ તેણે પ્રથમ સમજવો જોઈએ, તે માટે દરેક ગુણવાનને માન આપવું જોઇએ અને તેની પાસેથી ગુણને શોધી કાઢવા જોઇએ એ તેનો માર્ગ છે. વિનય ગુણથી રાજી થઇને ગુણવાન પ્રાણીઓ અનેક માર્ગો બતાવે છે અને તેથી વિનય કરનારનું ભલું થાય છે. ગુણવાન માર્ગદર્શક તરીકે પ્રવૃત્તિ કરે છે તે કાંઇ પ્રણામ ને વંદનથી કરે છે એમ સમજવું નહિ. કેમકે પરોપકાર કરવો એ તો ગુણવાનનો સહજ ધર્મ છે, પરંતુ જેને ગુણો સમજાવવા છે તેનામાં તે ઝીલવાની શક્તિ છે કે નહિ તેની તુલના કરીને સજ્જનો ગુણ સંબંધી વાતો કરે છે અને માર્ગો બતાવે છે. તેથી પોતાની લાયકાત બતાવી તદ્દદ્વારા ગુણ પ્રાપ્તિના માર્ગો શોધી કાઢવાના ઇષ્ટ સાધન માટે પણ વિનય ગુણ બહુ ઉપયોગી છે.

જેને ગુણપ્રાપ્તિ ઉપર પ્રેમ થયો હોય છે તેને ગુણ ઉપર એવી પ્રીતિ લાગી જાય છે કે તે ગુણીને દેખે છે ત્યાં ગાંડો થઈ જાય છે, તેના પર વારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાય છે, તેના સંબંધમાં આવનાર પોતાની જાતને ધન્ય માને છે. એને ગુણ ઉપર એવો સાહજિક પ્રેમ આવી જાય છે કે એ ગુણવાનનું નામ સાંભળતાં એના માર્ગ પર સામો ચાલ્યો જાય છે, એની ગુણવાન પર દૃષ્ટિ પડતાં એ અંતઃકરણથી રાજી રાજી થઈ જાય છે અને પોતાની ખાસ વલ્લભ વસ્તુનો સંયોગ પોતાને થયો છે એમ તે માને છે. ગુણવાન ઉપર પ્રેમ બતાવવો એ તેને મન એટલું કુદરતી લાગે છે કે તે વગર તે રહી શકતો નથી. સદ્ગુણની બુઝ કરવી, તેને સમજવા, તેને ઓળખવા, તે જેનામાં હોય તેને બહુ માન આપવું, તેનું યોગ્ય આદરાતિથ્ય કરવું એ ગુણપ્રાપ્તિ માટે ખાસ આવશ્યક છે અને જેને અભીષ્ટ માર્ગે પ્રયાણ કરી સાધ્ય પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય છે તે ગુણ તરફ એટલો બધો આકર્ષાઈ જાય છે કે તે સાધારણ રીતે જ અન્યના ઉપદેશ વગર ગુણવાનને બહુ સારી રીતે સન્માને છે, પૂજે છે, ભેટે છે અને તેની સેવા ઉઠાવે છે. ગુણવાન પ્રાણી તેને કાંઈ હુકમ કરે તો તે તેણે પોતાની ઉપર કૃપા કરી છે એમ ગણી તે હુકમ અમલમાં મૂકવા માટે પોતાથી બનતું કરે છે અને એમ અનેક રીતે પોતાની ગુણ અને ગુણી તરફ પૂજ્ય બુદ્ધિ વ્યક્ત કરે છે.

જે ખાસ કરીને માન્ય પુરૂષો હોય, જેને માટે લોકોમાં સન્માન બુદ્ધિ ઘણી હોય અને જેનું ગુણવાનપણું સર્વત્ર કબુલાયલું અથવા સ્વીકારાયલું હોય તેને માન આપવાની તો ખાસ જરૂર છે. તેના ગુણોનો પરિચય કરવાનો અવકાશ રહેતો નથી, પણ તેઓ અમુક પદ પર છે તેથી તે પદને અંગેજ તેને માન મળવું જોઈએ. દાખલા તરીકે આગેવાનો અથવા સાધુઓને કે આચાર્યોને તેઓના પદ પ્રમાણે માન આપવું એ એ પદમાં રહેલા ગુણને માન આપવા બરાબર છે. કેટલીક વાર સાધુઓની અમુક વ્યક્તિઓમાં કેટલીક ખટપટ વિગેરે જોઈ આખા સાધુવર્ગ ઉપર અથવા સાધુધર્મ ઉપર દ્વેષ આવી જાય છે. એમ જેને થતું હોય તેણે ખાસ વિચારવાનું છે કે અમુક વ્યક્તિના દોષોને વિચારી જો આખા માર્ગ પર અરૂચિ ભાવ આવે તો જે ઉન્નતિક્રમ આપણે પ્રથમ વિચાર્યો છે તેમાં મોટો પ્રત્યવાય આવી પડે, ઉન્નતિ અટકી પડે અને પોતાનો અધઃપાત થાય. કારણકે પ્રગતિ કરવા માટે સાધુમાર્ગ તો છોડી શકાય તેમ છેજ નહિ, મતલબ એ માર્ગ પ્રયાણમાં જરૂર આવે છેજ; તેથી આ વાત એક ખાસ ધ્યાનમાં રાખવાની છે કે વ્યક્તિગત દોષોને અંગે આખી સમષ્ટિ ઉપર ઉપેક્ષાભાવ રાખવો નહિ. એમ કરવાથી અન્યને હાનિ થતી નથી, પણ પોતાની પ્રગતિ બહુ અટકી પડે છે અને કેટલીક વાર પ્રગતિ થવાના માર્ગથી એટલું ભ્રષ્ટ થઈ જવાય છે કે એ માર્ગ પર આવતા પહેલાં ઘણો લાંબો વખત નીકળી જાય.

ગુણવાનને ગુણ માટે માન આપવું, માન્ય પુરૂષોને તેઓના પદને અંગે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યોગ્ય માન આપવાની ખાસ જરૂર સુજ્ઞ મનુષ્યોએ વારંવાર બતાવી છે. શિષ્યે ગુરૂનો યોગ્ય વિનય કરવો, એમ શાસ્ત્રકાર વારંવાર કહે છે તે શિષ્યના હિત ખાતર છે. ગુરૂને શિષ્ય નમે છે કે નહિ તેની દરકાર હોતી નથી અથવા હોવી પણ ન જોઇએ, પરંતુ શિષ્યના દૃષ્ટિબિન્દુથી એ વાત ઘણી અગત્યની છે અને તેટલાજ માટે તે સંબંધી વારંવાર ભલામણ કરવામાં આવી છે. આ વિનયગુણ કેટલો ઉપયોગી છે તે ચંડરૂદ્ર આચાર્યના દૃષ્ટાન્તથી બરાબર જણાય છે. નવપરણિત બાળકને દિક્ષા આપી રાતોરાત વિહાર કરનાર તે ગુરૂમહારાજને અગવડ ન પડે તે સારૂ પોતાના સ્કંધ ઉપર બેસાડનાર શિષ્ય એજ રાત્રીએ રસ્તે ચાલતાં કેવલ્યજ્ઞાન પ્રાપ્ત કરે એ વિનય ગુણની પરાકાષ્ઠા બતાવે છે અને એ વાત એમ પણ બતાવી આપે છે કે એક ગુણનું યોગ્ય રીતે આસેવન કર્યું હોય તો તેથી મહા લાભ થાય છે અને તે લાભ એટલો બધો થાય છે કે લગભગ સાધ્યની પાસે પહોંચી શકાય છે. આવી રીતે એક વિનયગુણવડે પ્રથમ દૃષ્ટિમાંથી આગળ વધેલો પ્રાણી ઉન્નત દશામાં છેક આઠમી દૃષ્ટિની હદ સુધી પહોંચી જઇ, સર્વ વસ્તુ દેખી શકે એવી કેવલ લક્ષ્મી પ્રાપ્ત કરે છે. એથી વધારે આ ગુણ સંબંધી શું કહી શકાય? અનેક છાત્રો, શિષ્યો આ ગુણથી મહા વિદ્યાઓ પામ્યા છે, કેટલાક તેનાથી મંત્રપ્રયોગ સાધી પ્રબળ શક્તિઓ પણ પ્રાપ્ત કરી શકયા છે—એવાં એવાં અનેક દૃષ્ટાન્તો એજ બતાવે છે કે ગુણવાનનો વિનય કરવો તે ગુણને પોતામાં પ્રગટ કરવાનું પ્રબળ સાધન છે અને એમ કરનારા ઘણા સજ્જનો તેથી પોતાની જાતને અને બીજા અનેકને લાભપરંપરા કરી ગયા છે. જે એ ગુણનું બહુ માન કરતાં આ પ્રાણીને જુએ તેઓને પણ તેથી ગુણ ઉપર રાગ થાય છે અને તેઓ ગુણની કિંમત સમજતા જાય છે તેથી સર્વને બહુ લાભ થાય છે અને ગુણનું ક્ષેત્ર વૃદ્ધિ પામતાં તે પોતાના અંશ વિભાગમાં અનેક નાના ગુણોને લાવી તેના માલેકને અનેક નાના મોટા ગુણોથી સમૃદ્ધ કરી મૂકે છે, તેનો વિકાસ વધારી તેને ઉન્નતિક્રમ આગળ મૂકે છે અને તેની ધીમે ધીમે મોક્ષ તરફ પ્રગતિ થતી જાય છે. આવા અતિ સામાન્ય લાગતા પણ બહુ લાભ આપી શકે તેવા સદ્દગુણની પ્રાપ્તિ કરી સજ્જનની પંક્તિમાં આવવા પ્રયત્ન કરવાથી સર્વ પ્રકારે બહુ લાભની પરંપરા પ્રાપ્ત થાય છે.

માન્ય પુરૂષોને માન કેવી રીતે આપવું તે સંબંધમાં વિનયગુણને અંગે શ્રીમદ્યશોવિજયજી ઉપાધ્યાયે એક આખી બત્રીશી લખી છે. ( જુઓ દ્વાત્રિંશદ્દ્વાત્રિંશિકા–૨૯મી બત્રીશી. ) એમાં વિનયના અનેક પ્રકાર પર અતિ વિદ્વત્તાથી ચર્ચા ચલાવી છે. એ ઉપરાંત બારમી બત્રીશીમાં યોગપ્રાપ્તિ પહેલા શું શું કરવું જોઇએ તે બતાવવા માટે પૂર્વસેવા બતાવી છે ત્યાં પણ ' ગુરૂદેવાદિ પૂજન ' ને પ્રથમ પંક્તિ આપી છે અને ગુરૂ શબ્દની વ્યાખ્યા કરવા તેમાં માતા, પિતા, કળા-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાર્ય, વયોવૃદ્ધ અને ધર્મોપદેશ કરનાર વિગેરેનો સમાવેશ કરી આ માન્ય પુરૂષોને માન આપવાના વિષયની અગત્યતા બહુ સુંદર રીતે બતાવી આપી છે. યોગપ્રાપ્તિને અંગે ચાર બાબત (ગુરૂદેવ પૂજન, સદાચાર, તપ અને મુક્તિપર અદ્વેષ) માં આ વિનયગુણને એક ગણ્યો છે એ બહુ સૂક્ષ્મદૃષ્ટિથી વિચાર કરવા યોગ્ય છે. આ અગત્યના વિષય પર ખાસ લક્ષ્ય આપવાની જરૂર છે એટલું સૂચન કરી, સૌજન્યને અંગે તેની અગત્યતા બતાવી, એ ગુણ પ્રાપ્ત કરીને ગુણીની અને ગુણની કિંમત કરી, પોતે ગુણ ગ્રહણ કરવા, ધારણ કરવા અને તેમાં પ્રગતિ કરવા યોગ્યતા બતાવી, સજ્જન લક્ષણ ધારણ કરી તે અભિધાનને યોગ્ય થવું એ કર્તવ્ય છે. જીવનસાફલ્ય છે, સન્માર્ગ સાધ્યપ્રાપ્તિ તરફ પ્રયાણસૂચક છે એમ બતાવવાનો ઉદ્દેશ માર્ગદર્શન તરીકે સાધ્ય કરી અત્ર વિરમીએ. વિશેષ વિચાર સુજ્ઞ પ્રાણીઓએ કરવો આવશ્યક છે.

**કાપડીયા મોતીચંદ ગીરધરલાલ.**
બી. એ. એલ. એલ. બી. સોલીસીટર.

# साधुने एकला न रहेवा विषे.*

( દાસ પરે દયા લાવો રે, દયાળુ દેવા દાસ પરે દયા લાવો — એ રાગ )

**એકલડા નવી રહેવું રે; મુનિવરોને એકલડા નવી રહેવું.**

સધવા ને વિધવા નારી, કુલટા ને કામણગારી;
મારે નયન કટારી કટારી કટારી રે; મુનિવરોને૦ ૧
ચોથાનો ભંગ થાશે, ચાર તેની સાથે જાશે;
આવ્યા ઘરવાસે વાસે વાસે રે; મુનિવરોને૦ ૨
રહે તે સ્વેચ્છાચારી, શુભ ક્રિયાને વિસારી;
ધ્યાન ધરે નારી નારી નારી રે; મુનિવરોને૦ ૩
જાઉં તેની બલિહારી, હોયે જે આજ્ઞાકારી;
એકલડા ગયા હારી હારી હારી રે; મુનિવરોને૦ ૪
અભિમાની અહંકારી, શીખે જારી ને વિજારી;
દેખે દુઃખ ન દેખે ડાંગ મારી મારી મારી રે; મુનિવરોને૦ ૫
જૈનશાળા છે ભારી, લીંબોદરામાં સારી;
અધ્યાપક આનંદકારી કારી કારી રે; મુનિવરોને૦ ૬

**કુંવરજી ગોકળજી વોરા.**
જૈનશાળા માસ્તર.

* હાલમાં ચતુર્માસ રહેવાનો સમય નજીક આવેલો હોવાથી એકલા રહેવાથી થતી હાનિ સૂચવનાર આ પદ્ય અવસરોચિત જણાતાં દાખલ કર્યું છે. **તંત્રી.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# शुं बोलवुं अने शुं न बोलवुं ?

આપણા મનુષ્ય જીવનમાં વાચાની શક્તિ તે સૌથી ઉત્તમ શક્તિ છે. જે જે શબ્દો આપણે હમેશા ઉચ્ચારીએ છીએ તે બધા એક શક્તિરૂપજ છે, અને જેવી રીતે શબ્દો બોલીએ તેવી રીતે તે બોલવાની શક્તિ આપણી વિરૂદ્ધમાં અથવા આપણા પક્ષમાં કાર્ય કરે છે. આ બાબત બહુજ વિચારવા જેવી છે. બોલવાની શક્તિ તે એક રાજ્ય કરનારી શક્તિ જેવી છે. જો તેનો યોગ્ય ઉપયોગ કરવામાં આવે-તેની સાથે ન્યાયપુરઃસર વર્તવામાં આવે તો તે શક્તિ આપણા લાભમાં ઉતરે છે, આપણા પક્ષમાં ચુકાદો આપે છે, નહિ તો તે આપણાથી વિરૂદ્ધ વર્તી આપણી વિરૂદ્ધ ચુકાદો આપે છે; એટલે કે આપણે તે શક્તિનો જેવો ઉપયોગ કરીએ, જેવી રીતે તેને વાપરીએ, તેવી રીતે પ્રત્યક્ષ ફળો તે દેખાડે છે. ઉચ્ચારનો આધાર વિચારો ઉપર રહેલો છે, જે જે શબ્દો આપણે ઉચ્ચારીએ તે તે શબ્દો મન ઉપર પુનઃ પુનઃ અસર કરે છે, અને તેવીજ જાતના-વચનાનુસારી વિચારો ઉત્પન્ન કરે છે. આમ હોવાથી ઉચ્ચાર કરતાં-યદ્રા તદ્રા-મનમાં આવે તેવું બોલી નાંખતાં બહુજ વિચાર કરવાની જરૂર છે. આ પ્રમાણે વિચારનો આધાર પણ ઉચ્ચાર ઉપર રહેલો હોવાથી મનુષ્યની ચાલુ ટેવોમાં પણ ઉચ્ચાર બહુ અસર કરે છે, તેથી ગમે તેવી ટેવ પાડવામાં-અથવા પડેલી ટેવ દૂર કરવામાં પણ ઉચ્ચાર-વાચા સાધનભૂત થાય છે.

જે જે શબ્દો આપણે ઉચ્ચારીએ તે દરેક એક નવીન જાતની સૂચના કરે છે, અને મનુષ્યના શારીરિક, માનસિક, નૈતિક બંધારણનો પાયો આવી સૂચનાઓથી રચાતો હોવાથી બોલવામાં બહુજ વિચાર રાખવાની જરૂર છે. તે ઉપરથી આપણે દરેકે જેની આપણને અગત્યતા હોય, જેને આપણે ઇચ્છતા હોઇએ, જે પ્રકારની સંપૂર્ણતા મેળવવા આપણે પ્રયત્ન કરતા હોઇએ તેવી જાતની ભાષા વાપરવાની હમેશાં ટેવ પાડવી. આપણે આપણી ભાષા એવી રીતે વાપરવી-આખા દિવસના વર્તનમાં એવી રીતે બોલવાની ટેવજ પાડી દેવી કે જેને લીધે આપણી ભાષા, તે ઉપરથી ઉપજતા વિચારો, આપણું મન, અને આપણું જીવન પણ જે નિશાન ઉપર પહોંચવા આપણે ધારતા હોઇએ તે તરફ પહોંચવામાં સહાયક થઈ શકે.

આપણા ચાલુ રીતરીવાજોમાં-ભાષાના પુદ્દગલોનો ઉપયોગ કરવાની ટેવમાં ઘણા એવી જાતના વાક્યો હોય છે કે જે જીવનના આગળ પ્રયાણમાં બાધકરૂપ થાય છે. એવીજ રીતે ચાલુ વપરાતા ગાયનો-ગીતો પણ તેવા બાધકરૂપે થનારા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



હોય છે. તેથી જો આપણે આગળ વધવા ઇચ્છતા હોઇએ, આ જીવનની ખરેખરી સુંદરતા અનુભવવાનો વિચાર થતો હોય, જો ઉચ્ચ નિશાન પ્રાપ્ત કરવા પ્રયત્ન કરતા હોઇએ, જે દિશાના પ્રયાણમાં ગડમથલ રહેતા હોઇએ, તે નિશાન પ્રાપ્ત કરવા માટે તે દિશા તરફ જવા જો ઇચ્છા રહેતી હોય તો તેવા નકામા ઉચ્ચારો હમેશને માટે પરિહરવા—છોડી દેવાની જરૂર છે. આવાં આવાં વાક્યોમાંથી કેટલાક તો હૃદયને એવા વહાલા થઈ ગયા હોય છે, મન સાથે એટલા બધા નીકટ સંબંધથી તે બંધાઇ ગયા હોય છે કે તેને દૂર કરવામાં પણ ચાંપતા ઇલાજો લેવા પડે છે, સતત્ ઉદ્યમ કરવો પડે છે, તેની ઉપરની ચાલુ કાળજી—ખંત અને તેવા નકામા ઉચ્ચારો દૂર કરવાની મનની ચાલુ પ્રેરણાથી છેવટે તે દૂર કરી શકાય છે અને આગળ પ્રયાણ માટેનો આપણો રસ્તો નિષ્કંટક થાય છે—આપણે આગળ વધી શકીએ છીએ.

કુદરતનો એક સામાન્ય કાયદો છે કે તમારી જાતને તમે કદી હલકી ગણતા નહિ. જેવી તમે તેને ગણશો, જેવા વિચાર અને ઉચ્ચાર તમારી જાત માટે તમે કરશો તેવાજ ખરેખર તમે થશો. તમે જ્યારે કોઈ પણ બાબત માટે "આ મારાથી બનશે જ નહિ," "આ હું કરી શકીશ જ નહિ," "આ કરવાની મારામાં શક્તિ જ નથી." તેવા ખોટા વિચારો કર્યા કરશો, અને તે પ્રમાણે ઉચ્ચાર કર્યા કરશો, અન્યને તમારી શક્તિની હીનતા બતાવ્યા કરશો તો પછી તેવું કોઇપણ કાર્ય તમારાથી બની શકશેજ નહિ. તમારાં આવાં વાક્યો તમારી શક્તિને—કાર્ય કરવાના ઉત્સાહને આવરી દે છે, અને તમારો આગળ પ્રયાણ બંધ પડવા જેવું થઇ જાય છે. જે કાર્ય કરવાની તમારી ઇચ્છા હોય, તેની સંપૂર્ણ શક્તિ તમારામાં કદાચ ન હોય તો પણ જેટલી શકિત હોય, તેટલીનો પૂરેપૂરો ઉપયોગ કરો, તેનો સંપૂર્ણાંશે લાભ લ્યો, એટલે જે શકિતની ઓછાશ તમને લાગતી હશે તે સ્વતઃજ સંપુર્ણ થઇ જશે. શક્તિની ઓછાશ તે એક માનસિક કલ્પના માત્રજ છે, અને ચાલુ ખંતથી આપણા કાર્યમાં વળગી રહેતાં તે લાગતી ઓછાશનો તુરતજ નાશ થાય છે, અને ધારેલ કાર્ય તરતજ કરી શકાય છે; પણ નકામા પ્રતિબંધક વાક્યો બોલવાથી તો તે કાર્ય કદી પણ સંપૂર્ણ બની શકતું નથી. આ વાત ધ્યાનમાં રાખવાની જરૂર છે.

વળી ન હોય તેવી શકિતની ખોટી બડાઇ મારવી, પોતાના બળુગાં ફુંકવા તે પણ કાર્યશકિતને હાનિકર્તા છે. જે કાર્ય કરવાની શકિત પોતાનામાં રહેલ હોય તેનો યોગ્ય ઉપયોગ કરવો, પણ નકામી બડાઇ મારવાથી તો ઉલટું નુકશાન થાય છે. માટે વિશેષ પડતી બાબતનો નકામો વ્યય કરવો પણ સારો નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્યારે કોઇ એક માણસ બીજા માણસો કાર્ય કરતાં હોય તે કરતાં પોતાની શક્તિ અને બુદ્ધિના પ્રમાણમાં વધારે મોટું કાર્ય કરવાનું માથે લે છે, વધારે કાર્ય કરવાનો ઉત્સાહ બતાવે છે, ત્યારે ઘણી વખત તેના સ્નેહીઓ અને સંબંધીઓ તેને એક ખરા હિતચિંતક તરીકે ડહાપણ ભરેલી સલાહ આપતાં વારંવાર કહે છે કે–" તમે આવાં કાર્યો શા માટે ઉપાડો છો ? આવાં કાર્યોના બોજાથી તમારૂં શરીર બગડી જશે, તમારી તંદુરસ્તી ખરાબ થઇ જશે અને કદાચ તમને જીવનું જોખમ લાગશે. " આવું બોલનારને ભાગ્યેજ એમ ખબર પડે છે કે તેમના ઉચ્ચારાયેલા તે વાક્યોજ તે માણસને હાનિકર્તા નીવડે છે. કાર્યના બોજા કરતાં આવાં નકામા ઉચ્ચારાયેલાં વાક્યોજ વિશેષ નુકશાન કરે છે. અને કાર્ય કરનાર માણસને નિરૂત્સાહી કરી દેવા ઉપરાંત તે કાર્ય તે માથે રાખે તો તેની તંદુરસ્તી બગડી જવાના ભયસૂચક વાક્યો તેવું પરિણામ લાવવા પણ કદાચ સમર્થ થઈ શકે છે, તેથી વાક્યો ઉચ્ચારતાં બહુ વિચાર કરવાની જરૂર છે. કોઇ પણ કાર્ય કરવા મનુષ્ય સમર્થજ છે. અને જે કાર્ય તે ઉપાડે તે કાર્ય કરવાનો તેના મનનો દૃઢ આગ્રહ તે કાર્ય સંપૂર્ણ કરાવે છે. પણ આવાં નકામા ભયસૂચક વાક્યો તો તેના કાર્ય કરવાના ઉત્સાહને નરમ પાડે છે; અને કદાચ તેને જે ભય દર્શાવવામાં આવે છે તે ભય પણ છેવટે ખરો પાડે છે. કાર્ય કરવાથી--અતિશય કાર્યના દબાણથી મનુષ્યનું મૃત્યુ થાય છે, અગર તેની તંદુરસ્તી બગડે છે, તેવી માન્યતા કોઇ માણસને તમે ઠસાવશો તો પ્રાંતે અવશ્ય તેવુંજ પરિણામ આવશે, તેથી ખાસ ધ્યાનમાં રાખવાની જરૂર છે કે આવાં ભયસૂચક શબ્દો કદી પણ બોલવાં નહિ; હમેશા ઉત્સાહોત્પાદક–પ્રેરક વાક્યોજ ઉચ્ચારવાં. આવી રીતનાં ભયસૂચક વાક્યો ઉચ્ચારનારાં સંબંધીઓ કાર્યો કરવાની શક્તિને ઘટાડે છે. અને તેવા સંબંધીઓ–મિત્રો–સ્નેહીઓ ઉલટા શત્રુની ગરજ સારનારા થઇ પડે છે. તેથીજ બોલતાં–ભાષાનાં પુદ્ગલો મુખની બહાર કાઢતાં બહુ વિચાર કરવાની જરૂર છે. આવી રીતના નિરાશાસૂચક વાક્યો ઉચ્ચારવાથી ઘણા માણસોની તબીયત બગડે છે, અને તેથીજ કહેવાય છે કે " આવાં મિત્રોથી મને બચાવો." સત્ય હકીકત તો તેજ છે કે ગમે તેટલું ભારે કાર્ય કદી પણ નુકશાન કરી શકતું નથી. કાર્ય કરવામાં–કાર્ય ગ્રહણ કરવામાં એટલું ધ્યાન રાખવાની જરૂર છે કે તે કાર્ય આપણા મન સાથે મળતું આવતું હોય. જે કાર્ય કરવામાં મનનો ઉત્સાહ વધે તે કાર્ય અવશ્ય સંપૂર્ણ કરીજ શકાય છે.

કોઇપણ ઉત્સાહી કાર્ય કરનાર તમારા વાક્યોથી નિરૂત્સાહી થાય તેવું બોલવાનું પરિહરજો. તમારા શબ્દોથી પ્રત્યેક મનુષ્ય તેના કાર્યમાં ઉત્સાહિત થાય–તેનું મન કાર્ય કરવામાં ઉત્સુક રહે તેવાંજ વચનો ઉચ્ચારજો. આવાં ઉત્સાહ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જનક વાક્યો બોલવાથી તે માણસ તેના લીધેલ કાર્યમાં ફતેહમંદ નીવડશે, એટલુંજ નહિ પણ તેની કાર્ય કરવાની શક્તિ અને તેની આરોગ્યતામાં પણ વૃદ્ધિ થશે, માટે ભયસૂચક શબ્દો વાપરવાની ટેવ ખાસ પડતી મુકવાની જરૂર છે.

વળી આપણે જ્યારે કાંઇ નવું કાર્ય ઉપાડવાની ઈચ્છા રાખતા હોઇએ ત્યારે મનને એવા ભયસૂચક શબ્દોથી બીલકુલ દબાવી દેવાની જરૂર નથી. તેવાં નકામાં નિરૂત્સાહી વાક્યો તમારે માટે ઉચ્ચારાતાંજ નથી તેમ ધારી ગ્રહણ કરેલ કાર્યમાં ઉત્સાહથી મંડ્યા રહેવાનું ધ્યાનમાં રાખવું. કાર્ય ગ્રહણ કરનારે તો "ગ્રહણ કરેલ કાર્ય હું સંપૂર્ણ જ કરીશ, આ કાર્ય મને આરોગ્યદાયી છે, કાર્ય કરવાનું હોવાથીજ મને આનંદ આવે છે, નિરૂદ્યમી બેસી રહેવાથી મારી તંદુરસ્તી બગડશે, કાર્યજ મારામાં વિશેષ વિશેષ શક્તિ, ઉત્સાહ અને ખંત અર્પશે." એવાં એવાં ઉત્સાહજનક વાક્યો ઉચ્ચારવાની અને તેને અમલમાં મૂકવાની જરૂર છે. તેવાં ઉત્સાહી વાક્યો અન્ય કાર્ય કરનાર માટે બોલવાં, અને આપણે કાર્ય કરનાર હોઇએ ત્યારે તેવાં વાક્યો તરફ મનને દોરવું. તેમ કરવાથી કાર્યસિદ્ધિ શિઘ્ર થશે.

ઘણા મનુષ્યોને એવી ટેવ હોય છે કે તેઓ પોતાની કિંમત બહુ ઓછી આંકે છે; તેમને સ્વશક્તિનો બીલકુલ ભરોસો હોતો નથી. કોઇપણ ધારેલ કાર્યમાં ફતેહમંદ થવાની તેમને શંકાજ રહ્યા કરે છે. તેઓ વારંવાર બોલતા સંભળાય છે કે-"હું આ કાર્ય સંપૂર્ણ કરી શકીશ જ નહિ-મારાથી તે બની શકવાનુંજ નથી." આપણે આપણા ગ્રહણ કરેલ કાર્યમાં ગમે તેટલીવાર નિષ્ફળ નીવડીએ, તોપણ આવાં નિરૂત્સાહી-મનનો ઉત્સાહ ભંગ કરનાર વાક્યો કદી પણ ઉચ્ચારવાં નહિ. "તમે કોઇપણ કાર્ય સંપૂર્ણાંશે કરી શકવાના જ નથી" તેવો વિચાર અને ઉચ્ચાર તમારી ખાસ શક્તિને પણ મંદ પાડે છે, તમારી શક્તિ ઘટી જાય છે અને તમે ગ્રહણ કરેલ કાર્ય તમારી શક્તિની હદની બહારજ છે એમ તમને જણાય છે. આ ખોટું છે. વળી "મારાથી આ કાર્ય મંદ રીતે થઈ શકે છે." "આ કાર્ય સારૂં થવાનું જ નથી." તેવા વિચાર અને ઉચ્ચાર પણ નીચી હદેજ મનને દોરી જાય છે. જે દિશામાં આપણું મન ચોંટે છે તે દિશા તરફજ આપણે પ્રયાણ કરીએ છીએ, જેવી ભાવના તેવીજ સિદ્ધિ થાય છે: તેથી જો તમે તમારા કાર્યમાં-તમારી કાર્ય કરવાની શક્તિમાં ઉણપ જોશો તો તમે તે દિશા તરફજ દોરાશો, તેવી હાનિકારક વાત ઉપરજ તમારૂં ચિત્ત ચોંટશે, અને પ્રાંતે તમારા કાર્યમાં તમે ફતેહમંદ નીવડશો કે નહિ તે સંશય જેવું જ રહેશે. કદાચ તમને તમારૂં ગ્રહણ કરેલ કાર્ય તમારી મનોવાંછના પ્રમાણે સિદ્ધ થતું ન લાગે, તોપણ નિરૂત્સાહના વિચારો અને તેવા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉચ્ચારો તો પડતા જ મૂકજો. મંદ લાગતાં કાર્યમાં ઉત્સાહથી મંડો, એટલે પ્રાંતે તે કાર્ય અવશ્ય સિદ્ધ થવાનું જ. તમારી ધારેલ ધારણામાં તમે ફતેહમંદ નીવડશો જ. પણ જો ભયસૂચક નિરૂત્સાહી વાકયો જ ઉચ્ચાર્યાં કરશો તો તે કાર્યમાં તમને વિજય મળવો મુશ્કેલ છે. ઘણી વખત ઘણા મનુષ્યો કાર્યમાં નિષ્ફળ નીવડે છે, તેમાં તેનામાં તે કાર્ય કરવાની શક્તિના અભાવ કરતાં આવાં તેનાથીજ ઉચ્ચારાયેલાં અગર અન્ય તરફથી સાંભળેલાં વાકયો જ કારણભૂત હોય છે. જો ઉત્સાહક વાકયો ઉચ્ચારવામાં આવ્યાં હોય તો તે કાર્ય તેનાથી જ સંપૂર્ણ થઈ શકે છે; માટે જ શું બોલવું અને શું ન બોલવું તે બહુ વિચારવાની જરૂર છે. આપણા ઉત્સાહજનક વાકયો અન્યને કાર્ય કરવામાં સબળ સાધનભૂત થાય છે, અને આપણને પણ ગ્રહણ કરેલ કાર્ય શિઘ્રતાથી સંપૂર્ણ કરાવનારા થાય છે, તેથી હમેશાં તેવા ઉત્સાહ તરફ દોરનારાં વાકયો જ ઉચ્ચારવાં–નકામાં વાકયો બોલવાનું છોડી દેવું. કદી તેવું લાગતું હોય ત્યારે પણ અન્યને તે માટે તેવી નકામી શિખામણ દેવા કરતાં મૌનનુંજ અવલંબન કરવું; અને તમારા પોતાથી તો સર્વ કાર્ય અવશ્ય બની શકશે જ એમ ધારી ગ્રહણ કરેલા કાર્યમાં સતત્ ઉદ્યમથી મંડવું.

ઇંગ્રેજીમાં એક ચાલુ વપરાતી કહેવત છે કે–Heaven helps those who help themselves–જેઓ પોતાને મદદ કરે છે, તેને દૈવીશક્તિ પણ મદદ કરે છે. આ કહેવતનો ખરેખરો ભાવાર્થ ઉપરોક્ત હકીકત વાંચવાથી સમજાય તેમ છે. જો તમે તમારી જાતને મદદ કરશો, તમે તમારાં કાર્યો ફતેહમંદ થાય તેમ પ્રયત્ન કરશો, તમારી શક્તિને દરેક પ્રાપ્ત કાર્યમાં મંદ નહિ ધારતાં તે સર્વ કાર્ય કરવા સમર્થ છે તેમ માનશો, અને તે સાથે સંપૂર્ણ ખંતથી પ્રાપ્ત થયેલ કાર્યમાં મંડ્યા રહેશો તો અવશ્ય કુદરત તમારા ઉપર મહેરબાન થશે અને તમને વિજય મળશે. નકામાં મનને પછાત પાડનારા વિચારો કરવાથી અને મનને હલકી પાયરીએ ઉતારનારા વાકયો ઉચ્ચારવાથી કોઇ પણ કાર્યમાં ફતેહમંદ થવાશે નહિ. ધીરજ અને ખંતથી કાર્ય પાછળ મંડો, વિચાર અને ઉચ્ચાર કાર્યને અનુકૂળ રાખો, નકામા દર્શાવાતા વિચારો તરફ દુર્લક્ષ રાખો, તમારી શક્તિની વિશાળતાનીજ ભાવના રાખો, નિષ્ફળતા મળે તોપણ તેની દરકાર કર્યા વગર પુનઃ પુનઃ તેજ કાર્ય સંપૂર્ણ કરવા પ્રયત્ન આદરો, એટલે પ્રાંતે દૈવી સહાયથી અવશ્ય તમને તે કાર્યમાં વિજય મળશેજ. તમારૂં ગ્રહણ કરેલ કાર્ય સંપૂર્ણ થશેજ.

કોઇ પણ સદ્ગુણની પ્રાપ્તિ કરવી હોય ત્યારે "તે સદ્ગુણ મારાથી કેમ ગ્રહણ થઇ શકે" "મારાથી તેમ બની શકશેજ નહિ" તેવા વિચારો કરવાથી કોઈ પણ માણસ નૈતિક ઉન્નતિ પ્રાપ્ત કરી શકતોજ નથી. જ્યારે જ્યારે એવી નબળાઈના વિચારો તમે તમારા મનને કહ્યા કરો છો ત્યારે ત્યારે એક બાજુથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેને પ્રાપ્ત કરવા તમે મથો છો, તેનેજ બીજી બાજુ તમારે હાથેજ તમે ત્યજી દો છો. 'એક કાને સાંભળી બીજે કાને કાઢી નાખનાર' જેમ કોઈ શિક્ષા ગ્રહણ કરી શકતો નથી, તેવીજ રીતે એક બાજુથી સદ્‌ગુણાદિકની પ્રાપ્તિ માટે પ્રયત્ન સેવી બીજી બાજુથી તે માટે ભયસૂચક નિરાશાજનક વિચારો ઉચ્ચારનાર કાંઇ પણ ફળપ્રાપ્તિ કરી શકતો નથી તે નિશ્ચય માનજો. જ્યારે તમે તમારી શક્તિ ઉપરજ અશ્રદ્ધાથી જોશો, ત્યારે તમારી શક્તિનો તમે લાભ લઇ શકશોજ નહિ. તમને તમારામાં માલુમ પડતી ખામીઓ, ભૂલો, તે બધાં તો ચોર જેવાં છે. તમારૂં અંતઃકરણ વિશાળ છે, તમારી શક્તિ અગાધ છે. તેમાં માલુમ પડતા ચોરોને દૂર કરવા તમે પૂર્ણ સમર્થ છો, તમારૂં વીર્ય અજમાવો, અશ્રદ્ધાના વિચારો દૂર મૂકો, એટલે અંદર ઘુસી ગયેલા ચોરો-લુંટારાઓનો તરતજ તમે નાશ કરી શકશો. તે ભૂલો-મનની નબળાઈ-નિરૂત્સાહીપણું વિગેરે તો તમારા સદ્‌ગુણને-તમારા આત્મિક સુખને લુંટવા અંદર પ્રવેશ્યા છે; તેથી નકામા ઉચ્ચારોવડે તેને સહાય આપવાને બદલે તેનો નાશ કરવાનો પ્રયત્નજ આદરો: જેથી ખરેખરો આનંદ-શુદ્ધ આનંદ પ્રાપ્ત કરવા તમે સમર્થ થઈ શકશો.

ઉપરની સર્વ બાબત ઉપરથી શું બોલવું અને શું ન બોલવું, કેવા વિચાર કરવા અને કેવા પરિહરવા, કેવું વર્તન રાખવું અને કેવું ત્યજવું તે થોડે ઘણે અંશે પણ સમજાય તેમ છે. આખા દિવસની કાર્યપદ્ધતિમાં ઘણા વાક્યો-ઘણા વિચારો એવા રૂઢ થઇ ગયેલા હોય છે કે તે ફેરવવા પણ મુશ્કેલ પડે છે. દૃઢ આગ્રહ, સતત્ ઉદ્યમ અને તે દૂર કરવાની સંપૂર્ણ ચીવટ હોય તો જ તે દૂર કરી શકાય છે. ઘણી વખત તો આપણા બોલવાથી આપણને અગર અન્યને નુકશાન થાય છે કે કેમ તેનો પણ ખ્યાલ કર્યા વગર આપણા વિચારો દર્શાવવા આપણે તૈયાર થઇ જઇએ છીએ. તેથી કાંઇ પણ બોલવા પહેલાં બહુ જ વિચાર કરવાની જરૂર છે. જેમ થુંક્યું ગળાતું નથી, તેમ બોલ્યું બહાર પડે છે, પછી પાછું મોઢામાં પેસતું નથી. ઘણી વખત તો નકામા ઉચ્ચારાયેલા વાક્યથી હૃદયવેધી અસર થતી જણાય છે, તેથી આવી રીતે બોલેલા શબ્દો માનસિક બળને પણ હાનિ કરે છે તેવું સમજ્યા પછી હમેશાં ઉત્સાહજનક વાક્યોજ ઉચ્ચારવા અને નિરાશાજનક વાક્યો પરિહરવા પ્રયત્ન સેવવો.[1]

**કાપડીયા નેમચંદ ગીરધરલાલ.**

---

1 Eternal Progress ઉપરથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# चंदराजाना रास उपरथी नीकळतो सार.

( અનુસંધાન પૃષ્ટ ૬૭ થી. )

## પ્રકરણ ૧૫ મું.

ચંદરાજા કુકડો થયાને એક માસ વિતી ગયો એટલે પ્રજા રાજા વિના અકળાણી. ગુણાવળી તો માતાના ભયથી કુકડાને ગોપવીનેજ રાખતી હતી. કારણકે જો કાંઇ પણ કારણ મળશે તો વીરમતી તેના પ્રાણ લેશે એવી ગુણાવળીને ખાત્રી થઈ ગઈ હતી. પ્રજાવર્ગે અકળાઇને પ્રધાન પાસે જઇને કહ્યું કે–" અમને રાજા સાથે મેળવો. આજ એક મહિનો થયા અમને રાજાના દર્શન થયા નથી તો હવે આજે તમે અમને એમના દર્શન નહીં કરાવો તો પછી અમે પરદેશમાં જઇને વસીશું. તમે રાજી થઈને રજા આપો એટલે અમે ચાલ્યા જઈએ. બાકી દયા વિનાનો ધર્મ, ઉત્તમ કુળ વિનાનો મનુષ્યનો ભવ, દાંત વિનાનો હાથી, મૂર્ત્તિ વિનાનું દેવભુવન, જળ વિનાનું સરોવર અને નેત્ર વિનાનું મુખ એવું રાજા વિનાનું રાજ્ય શોભતું નથી. રાજા છતેજ પ્રજા સુખી હોય છે. જો રાજા ન હોય તો પછી વનમાં જઈને વસવું શું ખોટું છે ? " મંત્રીએ કહ્યું કે–" મેં પણ એક મહિનાથી રાજાજીને દીઠા નથી, તેથી મને પણ તેમના દર્શનની તીવ્ર ઇચ્છા થઈ છે. હું આજે તેનો સર્વ ભેદ મેળવીશ અને પછી તમને કહીશ. તમે કોઈ વાતની ચિંતા કરશો નહીં, નગરીમાંજ આનંદથી રહેજો. " આ પ્રમાણે કહી સન્માન કરીને સચિવે પ્રજાને વિસર્જન કરી. પછી પોતે વીરમતી પાસે આવ્યો અને પ્રજાની સર્વ હકીકત નિવેદન કરી.

મંત્રીએ વીરમતીને કહ્યું કે–" માતાજી ! રાજા આમ છાના ક્યાં સુધી રહી શકશે ? તમે તેમને રાજભુવનમાં ગોપવી રાખ્યા છે પણ તે કાંઇ ઠીક કહેવાતું નથી. તમને મારા કહેવાથી રીસ ચડે તો ભલે ગાળ દ્યો, પણ આવી **સ્ત્રીવાળી મતિ** ન કરો. મેં આજ કાલનો વાયદો કરીને આજસુધી પ્રજાને રોકી રાખી છે. વાત કરતાં એક મહિનો વીતી ગયો, તો પણ તમારી કૃતિનો પાર હું પામી શકયો નહીં. હવે સૌ લોકને એ વાતમાં સંશય ઉત્પન્ન થયો છે. લોકો કહે છે કે આ તો **ખાલી ખારણીયામાં બે સાંબેલા** જેવું થાય છે. માટે હવે રાજાને ગમે તેમ કરીને પ્રસિદ્ધ કરો. તમે મોટા છો, મોટી ગાદી ઉપર બેઠા છો, પણ આમ છોકરવાદી કરો છો તે કાંઈ ઠીક નહીં. માટે જે વાત ખરી હોય તે કહી દ્યો, હવે પ્રજા મારાથી રોકાય તેમ નથી. " આ પ્રમાણે મંત્રીએ યુક્તિપુરઃસર તાણો મારીને કહ્યું; તોપણ તેની અસર વીરમતી ઉપર કાંઈ થઈ નહીં. **ગમે તેટલું બાળક ફફડે પણ જેમ પાવઈને પાનો ન ચડે**[1] તેમ થયું.

1 બાળકને ધવરાવવાનું દૂધ નપુંસક સ્ત્રીના સ્તનમાં ન આવે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મંત્રીનું કહેલું તમામ સાંભળી જઈને પછી વીરમતી બોલી કે—"હે મંત્રી! સાંભળ. આમાં વાંક માત્ર તારો છે. તેં રાજાને હણી નાખ્યા છે ને મને કહેવા આવ્યો છું. મારા વહાલા પુત્રની હત્યા કરીને તું મોટો હત્યારો તો થયો છું ને વળી મારી પાસે ડાહ્યો થઈને કહેવા આવ્યો છું. આ વાત મને તો ઘણુ દિવસથી જાણવામાં આવી હતી પણ મેં છાની રાખી હતી. મેં જાણ્યું કે કોણ કહે ? પણ જ્યારે આજ ડાહ્યો થઈને મને સમજાવવા આવ્યો છું ત્યારે કહેવું પડે છે. હું ભુંડી છું તો તું શું રૂડો છે ? મારા અવગુણ તું ગાઈશ તો હું તારા ઉખેળા ઉખેળીશ. એમાં કાંઈ તું ખાટી જાય તેમ નથી." આવી અઘટતી વાત સાંભળીને મંત્રી બોલ્યો કે—"અરે માતાજી ! તમે આ શું બોલો છો ? ઘરડા થયા છો તો કાંઇક વિચાર રાખો. મેં રાજાને હણ્યા તેનો કોઇ સાક્ષી છે ? વળી હું રાજાને શા માટે હણું ? મારે શું લેવું દેવું હતું ? માટે જે બોલો તે વિચારીને બોલો આવી ખોટી વાતો કરવાથી કાંઇ શું કાઢશો ! પરમેશ્વરનો તો ભય રાખો. મેં શીખામણની વાત કરી તેનો બદલો મને ઠીક આપ્યો ? મેં જાણ્યું કે આ વાતથી તમે રાજી થશો, તેને બદલે તમે તો ઉલટ બાજી રમ્યા; પણ આ કાંઈ ભાભી હાંસાની વાત નથી. તમેજ કહોને કે હું રાજાને શા માટે હણું ? ને શી રીતે હણું ? "

આ પ્રમાણેના મંત્રીના વચનો સાંભળીને તેને એકાંતમાં લઈ જઈ વીરમતીએ કહ્યું કે—"તારે ચંદની વાત વધારે છેડવી નહીં. એમાં સાર જેવું નથી. અને જો વધારે બોલીશ તો **વાંકે લાકડે વાંકા વે જેવું થશે. મારા હાંક ને તારા ઉઘાડ** એ કહેવત યાદ રાખજે. બાકી હું ઘરની વાત તનેજ કહું છું કે–'ચંદરાજા તો વિદ્યાધરની વિદ્યા સાધે છે તેથી તેને પ્રકટ કરાય તેમ નથી.' માટે તારે તેનું તો નામજ લેવું નહીં અને નવી કળા કરવી. આપણે બે મળી જશું, તો પછી ત્રીજું બોલનાર કોણ છે? '**હું રાજા તું મંત્રી**' એ પ્રમાણે બધે જાહેર કરી દે. અને જો મારૂં કહ્યું નહીં કર તો તેનું ફળ બહુ કડવું બેસશે. પછી તારી વાત તું જાણે. વધારે કહેતી નથી. વળી હું જ્યારે પ્રકટપણે રાજા થઈને બેસીશ ત્યારે પછી પ્રજાને શું અટચણ રહેવાની છે? પછી કયાં રાજા વગરનું રાજ્ય કહેવાવાનું છે? માટે જો તારૂં ને મારૂં હિત ઇચ્છતો હો તો મારા કહ્યા પ્રમાણે કર."

મંત્રીએ વીરમતીનું કહેવું કબુલ કર્યું. તે પણ સમાના ભાણી ગયો. એટલે વીરમતી રાજી થઈ. તેણે કહ્યું કે"–જા, હવે નગરમાં પડહ વજડાવ કે આજથી વીરમતી રાજા થયેલ છે તેથી સોએ તેની આજ્ઞા માનવી. જે કોઇ તેની આજ્ઞા નહીં માને તેને નગર બહાર કાઢી મૂકવામાં આવશે. તેથી જેને આભાપુરી અળખામણી થઈ હોય ને યમપુરી વહાલી હોય તેણેજ અનમી[2] થવું." મંત્રીએ

૧ સાર. ૨ નહીં નમનારા–સામે થનારા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીરમતીની આજ્ઞાનો તરતજ અમલ કર્યો. લોકો તો તે સાંભળીને સજ્જડજ થઈ ગયા કે "આ શું ? રાજા સ્ત્રી વિનાના સાંભળ્યા છે, પણ પુરૂષની સ્વામીની સ્ત્રી કોઇ જગ્યાએ સાંભળી નથી. આભાપુરીમાં તો આ નવી વાત થઈ છે. અહીં તો સ્ત્રીયા રાજ્ય થયું છે, કેમકે પુરૂષ બધા નાશ પામી ગયા છે.' આ પ્રમાણે લોકો વાતો કરવા લાગ્યા, અંતઃકરણમાં ઘણા ખેદ પામ્યા પણ વીરમતીના ભયથી કોઈ કાંઈ બોલી શકયું નહીં. વીરમતી નિર્વિઘ્ને રાજ્ય કરવા લાગી અને રાજ્યના અમલમાં મસ્ત બની ગઈ. મોટા મોટા સામંતો પણ તેની આજ્ઞા માનવા લાગ્યા. 'જેને કાળ રૂઠયા હોય તેજ ચંદરાજાને સંભારે' એમ થઈ પડ્યું. રાણી મંત્રી ઉપર પ્રસન્ન થઈ. તેણે જાણ્યું કે મારી ને મંત્રીની જોડ બરાબર મળી છે. હું જેમ ગાઉં છું તેમ આ બજાવે જાયછે. અને એણે પણ ચંદરાજાને સંભારવાનું છોડી દીધું છે.

એક દિવસ મંત્રીએ ડાવકા થઇને વીરમતીને કહ્યું કે-"બાઈજી ! તમે તો રાજ્ય બહુ સુધાર્યું. તમે ચંદરાજાને ભૂલાવી દીધા. કોઈની પડેલી વસ્તુ આપણા રાજ્યમાં કોઈ લઈ શકતું નથી. આવું રાજ્ય તો કોઇએ કર્યું નહોતું. આ તો **વાઘ ને બકરી એક આરે પાણી પીવે** તેવું થયું છે. હમણા તો તમે **ચામના** [1]**દામ** ચલાવો તોપણ ચાલે તેમ છે. તમારી સામું કોઇ પગલું ભરી શકે તેમ નથી. અહીં રાજા તો ઘણા થઇ ગયા, મેં પણ ઘણા રાજાઓ જોયા ને જોઇશ પણ તમારી પાસે તે કોઇ ગણતીમાં આવે તેમ નથી. તમે સ્ત્રી જાતિ થયા તેનો ખેદ ન કરશો; કારણકે પૃથ્વી પણ સ્ત્રી જાતિજ છે. વળી બીજા વૃદ્ધાવસ્થાને પામે છે ત્યારે શરીરે બેવડ વળી જઈ બીજાને નમે છે અને તમે તો બીજાઓને નમાવ્યા છે તેથી વૃદ્ધાવસ્થા પણ તમારીજ ખરી છે." આ પ્રમાણેના મંત્રીના વચનો સાંભળીને વીરમતી મનમાં બહુ રાજી થઈ, પણ એ નગુણી જરા પણ મનમાં લાજી નહીં. તેણે મંત્રીને કહ્યું કે-'તું મારો ખરો સેવક છું. હું તારૂં વચન ઉલંઘું તેમ નથી.' મંત્રીએ જાણ્યું કે-'આપણે પણ આ ઠીક વાઘનું વળાવું થયું છે.'

એવામાં મંત્રીએ પાંજરામાં કુકડાને દીઠો એટલે વીરમતીને પૂછ્યું કે-"તમે આ શું કર્યું છે ? પંખીને પાંજરામાં શા માટે પૂર્યો છે ? અથવા શું કોઈ દેવને કબજે કર્યો છે ? જે હોય તે કહો." વીરમતી બોલી કે-"એ તો વહુને રમવા માટે વેચાતો લીધો છે. એ બીચારો દુઃખી થતો હતો તેનાપર દયા આવવાથી જીવદયાની બુદ્ધિને લઇને રાખ્યો છે. એનો દાણો પાણી હોય ત્યાંસુધી ભલે એ પણ આનંદ કરે. વળી એ બધું લેખે લગાડે છે. મને પ્રભુ ભજવા વહેલી ઉઠાડે છે." મંત્રીએ કહ્યું કે-"એ વાત ખરી પણ આ પંખી વેચાતું

૧ ચામમાં ગાબતી કરન્સી નોટો ગામડાના દામ કહેવાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લીધેલ જણાતું નથી. એનો ખર્ચ દફતરમાં લખાયેલ નથી. મારાથી કાંઈ આપનો હીસાબ છાનો નથી કે હું ન જાણું. માટે હું તો તમારા ઘરનું માણસ છું તેથી મને જે ખરી વાત હોય તે કહો." વીરમતી બોલી કે-"એવી વાતમાં બહુ પૂછપરછ શું કરે છે? એમાં તું કાંઇ સમજ નહીં. વળી પૈસા ખર્ચમાં ન મંડાયાનું કહે છે પણ મારી પાસે ઘરેણું ક્યાં થોડું છે. તેમાંથી એક ભૂષણ આપીને આ કુકડો ખરીદ્યો છે. હવે ફરીને એ બાબતમાં તું મને પૂછીશ નહીં. મારૂં કહ્યું માની જજે, નહીં તો પછી તું પણ બીજો તેવો થઈ જઈશ." મંત્રી આ શબ્દો સાંભળી ચુપ થઈ ગયો. તેની જીભ આગળ ઉપડી નહીં. એવામાં અંદરના ભાગમાં બેઠેલી ગુણાવળીને તેણે રૂદન કરતી દીઠી. મંત્રીએ તેની સામું નજર ગાંડીને જોયું એટલે તેણે હથેળીમાં અક્ષર લખીને મંત્રીને સમજાવ્યો કે-એ કુકડો મારો પતિ ચંદરાજા છે. મંત્રી તરતજ સમજી ગયો. તેના દિલમાં બહુ આશ્ચર્ય થયું; પરંતુ તે વાત તેણે વીરમતીને કહી નહીં. મનમાં સમજી રજા લઇને પોતાને ઘરે આવ્યો.

વીરમતીએ ચંદરાજાને કુકડો કરી દીધો છે એ વાત દેશપ્રદેશમાં બહુજ વિસ્તાર પામી. દરેક માણસ તેને ધિક્કાર આપવા લાગ્યા અને 'રાજ્યના લોભે માતાએ પુત્રની આવી માઠી દશા કરી છે' એમ કહેવા લાગ્યા. પરંતુ વીરમતીના ભયથી કોઇ આગળ પગલું ભરી શક્યું નહીં; કેમકે મોટા માણસની વાતો કર્યા પછી બહુ વિમાસવું પડે છે. કેટલાક રાજાઓ પણ તેની વિદ્યાના બળથી ભય પામીને તેને નમ્યા અને તેની આજ્ઞા માનવા લાગ્યા. વીરમતીની શક્તિ અચિંત્ય હોવાથી જે વક્ર હતા તે પણ અવક્ર થઇ ગયા. એ અવસરે હેમાલયનો **હેમરથ** નામે રાજા હતો-તેણે વીરમતીની બધી હકીકત જાણી. તે રાજા પ્રથમ ઘણી વખત ચંદરાજાથી માનહીન થયો હતો. તેણે જાણ્યું કે-આ અવસર ઠીક મળ્યો છે, તેથી તે આભાનગરીનું રાજ્ય લેવા તત્પર થયો.

હવે હેમરથ રાજા વીરમતી પાસેથી આભાનગરીનું રાજ્ય આંચકી લેવાના વિચારથી પ્રથમ દૂત મોકલશે અને પછી પોતે ચઢી આવશે. તે સંબંધી હકીકત આગળના પ્રકરણમાં વાંચીશું-અહીંથી આપણી હકીક્ત બદલાતી હોવાથી વાતનું પ્રકરણ પણ બદલાય છે. વળી દરેક રાસ કે ચરિત્રમાં એકાદ વીરરસથી ભરેલી યુદ્ધની ઢાળ હોય જ છે. કર્ત્તા પોતાની કૃતિમાં બધા રસ આવેલા છે તેમ બતાવવા માટે એવો પ્રસંગ પણ જરા ખીલવે છે તે આપણે હવે પછી જોશું. હાલ તો આ પ્રકરણમાં શું રહસ્ય રહેલું છે તે વિચારી જોઇએ.

## પ્રકરણ ૧૫ માનો સાર.

આ પ્રકરણમાં મુખ્ય હકીકત **સુમતિ** મંત્રી ને **વીરમતી**ના સંવાદની જ છે. એમાંથી આપણે ખાસ સાર ગ્રહણ કરવાનો છે તે રાજનિતિ સાથે સંબંધ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ધરાવે છે. પ્રથમ પ્રકરણ ૧૦ મા માં આવી ગયેલી હકીકત ઉપરથી ગુણાવળી સમજી ગઈ હતી કે આ અશુભના ઉદયના દિવસો જેમ બને તેમ શાંતિથી વ્યતીત કરવાના છે. તે પોતાના પતિ પક્ષી થઇ જવાથી તેને જોતી ને હૃદયમાં રોતી હતી. પરંતુ **હાથનાં કરેલાં હૈયે વાગેલાં** હોવાથી અને **એક ઠોકર ખાવાથી એક શિખામણ મેળવેલી** હોવાથી હવે તે પોતાના પતિને પ્રાણની પેઠે જાળવતી હતી અને તેને બીલકુલ જાહેરમાં દેખાડતી નહોતી. વીરમતીનો ભય તેને માથે યમરાજાના ભયની જેવોજ હતો. તે કોપાયમાન થાય અને કુકડાના પ્રાણનો વિનાશ કરી નાખે તો તેને કાંઈ કહી શકાય તેમ નહોતું. આવા કારણને લીધે કુકડાના રૂપે પણ પ્રજાને પોતાના રાજાના દર્શન થતા હતા તે બંધ થઈ જવાથી પ્રજાવર્ગ અકળાયો. અને રાજા વિના પ્રજા અકળાય તેમાં પણ નવાઈ નહીં; કેમકે કોઈપણ પ્રકારની દાદ મેળવવી હોય કે ફર્યાદ કરવી હોય તો રાજા વિના કોની પાસે કરવી ? વળી રાજાનું કામ કાંઈ દરરોજ પડતું નથી પરંતુ માથે સ્વામી હોવાથી ભલે તે ઘેર હોય કે પરદેશ ગયેલ હોય પણ સ્ત્રી સૌભાગ્યવતી ગણાય છે અને આનંદમાં રહે છે તેમ રાજા માથે હોવાથી પ્રજા નિશ્ચિંત રહે છે, તેને કોઈ પ્રકારનો ભય કે ચિંતા રહેતી નથી. અને પોતાના રાજાના વારતહેવારે કે કાર્યપ્રસંગે દર્શન થવાથી પણ પ્રજા સુપ્રસન્ન રહે છે. હૃદયમાં જો શંકા ન હોય તો મહિનો શું પણ છ મહિના ચાલ્યા જાય તો પણ રાજાના દર્શન ન થવાથી પ્રજા અકળાય નહીં પણ આભાપુરીની પ્રજાના મનમાં તો શંકા પડી ગયેલી હતી કે આપણા રાજાની સ્થિતિ જરૂર તેની અપર માતાએ કાંઇ પણ વિરૂપ કરેલી છે તેથી તે એક માસનો વિરહ થતાં તો બહુજ અકળાઈ ગઇ. રાજાને અભાવે પ્રજાને ફર્યાદ કરવાનું સ્થાન પ્રધાન અથવા મંત્રી જ હોય છે તેથી પ્રજાના આગેવાનો મળીને મંત્રી પાસે ગયા, પોતાનું દુઃખ જાહેર કર્યું અને મંત્રીએ પોતાની ફરજને અનુસરીને તેમને શાંત કરી વિદાય કર્યા.

પછી મંત્રી વીરમતી પાસે આવ્યો અને પોતાના હૃદયની વરાળ પ્રજાની ફર્યાદને મિષે સારી રીતે બહાર કાઢી. વીરમતી પ્રથમ તો બધું સાંભળી રહી પછી તેણે મનમાં વિચાર કરીને મંત્રીનું મોઢું બંધ કરવા માટે તેની ઉપર જ રાજહત્યાનો આરોપ મુકયો. મંત્રી તો તે સાંભળતાં આભોજ બની ગયો, એટલે તેણે તે બાબત પૂરતો ખુલાસો કર્યો અને એ વાતને ખોટી ઠરાવનારી દરેક દલીલ રજુ કરી. આ પ્રકરણમાં ગુજરાતી ભાષામાં વપરાતી જુદી જુદી કહેવતોનો સમાસ વિશેષે કરવામાં આવ્યો છે. મંત્રી પોતાની તરફનો ખુલાસો જણાવતાં કહે છે કે–આ કાંઇ **ભાભી હાંસુ** નથી કે દેર ભોજાઇની વાતમાં કેટલીક વાર એવી જાતની હાંસી કરવામાં આવે છે કે તેનું પરિણામ કાંઇ હોતું નથી. માત્ર પર-

For Private And Personal Use Only

ઉપરની મશ્કરીને માટે જ કેટલાક વચનો બોલવામાં આવ્યા હોય છે. અહીં જે વાત છે તે તો મોટા જોખમની છે. મહીના દિવસથી ચંદરાજા નજરે પડતા નથી તે બાબત પુછતાં જ્યારે સામું ગળે પડવામાં આવે તો પછી લોકો શું જાણે? અહીં ખાસ એ વાતપર ધ્યાન આપવાનું છે કે દુર્જનોને અવાચ્ય એવું જગતમાં કાંઈ છે જ નહીં. ચંદરાજાને મારી નાખવાનું તદ્દન પાયા વિનાનું અસત્ય કલંક પોતે હૃદયમાં પાપી છતાં પણ પ્રધાનને માથે મુકતાં વીરમતીએ ડર ખાધો નહીં. આ બધો પ્રધાનને દબાવી દેવાનો જ તે દુષ્ટાનો પ્રપંચ હતો.

મંત્રીએ પોતાનું નિર્દોષપણું જણાવ્યા પછી વળી વીરમતી બીજો પ્રપંચ ખેલે છે. 'ચંદરાજા વિદ્યા સાધે છે માટે તેને બહાર લવાય તેમ નથી' એમ કહી તે સંબંધી વધારે પુછપરછ ન કરવાનું મંત્રીને કહે છે અને કેટલોક ભય પણ બતાવે છે. તે સાથે પોતાને રાજા થવાનો જે લોભ હતો અને મોટી હોંશ હતી તે જાહેર કરે છે. મંત્રી અવસરનો જાણ છે. પ્રાયે મંત્રીઓ વિચક્ષણજ હોય છે અને તેનાવડેજ રાજ્ય ચાલે છે. રાજાનું પુણ્ય હોય છે, તેનો પ્રતાપ હોય છે પરંતુ કાર્યકુશળતા તો મંત્રીમાંજ હોય છે. અને તેથી સારા મંત્રી સિવાય મોટા મોટા મહારાજાઓએ પણ પોતાનાં રાજ્ય ખોયાં છે. **વાણીઆ વિના** લંકાનું **રાજ્ય રાજા રાવણે ખોયાનું** કહેવામાં આવે છે. તેનું કારણ વાણીઆ નાખવા વાળવામાં વિચક્ષણ હોય છે તેજ છે. વણિક કોમ જેવો સમય દેખે છે તેમ કરે છે. રાવણે છેવટે જાણ્યું હતું કે 'આ સીતાથી મારી કામેચ્છા પૂર્ણ થવાની નથી પણ તેને એમને એમ પાછી સોંપી દેવાથી મારી આબરૂ જાય તેથી રામ લક્ષ્મણને પકડી લાવીને પછી સોંપું.' આમાં **વાણીઆ મુછ નીચીનો** સવાલ છે. જ્યારે પાછી સોંપવી છે ત્યારે પછી પકડી લાવવાનું શું કામ છે? પરંતુ આવો વિચાર ક્ષત્રીને આવે નહીં અને તેવી બુદ્ધિ આપનાર સુજ્ઞ મંત્રી પાસે હતો નહીં, તેથી તે વિનાશ પામ્યો. અહીં સુમતિ મંત્રી અવસરનો જાણ હતો તેથી તેણે વિચાર્યું કે અત્યારે ઉતાવળ કરવાથી ઉલટો વધારે વિનાશ થવાનો સંભવ છે. ચંદરાજાને પ્રગટ કરાવવાનો હેતુ ઉતાવળથી સિદ્ધ થઈ શકે તેમ નથી, તેથી હાલ તો વીરમતીના હુકમ પ્રમાણે વર્તી તેનો વિશ્વાસ મેળવવો કે જેથી ચંદરાજાનો ખરો પત્તો મળી શકે. પછી એ બાબતમાં જે પ્રયત્ન કરવો હશે તે થઈ શકશે પણ પ્રથમ તેનો પત્તો મેળવ્યા વિના ઉતાવળું પગલું ભરવાથી તો ઉલટો વધારે બગાડજ નીપજશે.

મંત્રીએ વીરમતીના હુકમ પ્રમાણે આખા શહેરમાં પડહ ફેરવ્યો. તે સાંભળી લોકો આશ્ચર્ય પામ્યા, અકળાયા, તેને તદ્દન અયોગ્ય લાગ્યું; પરંતુ **સત્તા** પાસે શાણપણ **કામ લાગતું નથી.** એમ વિચારી મૌન થઈ ગયા. એટલે

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વીરમતી રાજસભામાં આવી સિંહાસનપર બેસી રાજ્ય ચલાવવા લાગી. મંત્રીના હૃદય પ્રપંચને તે મહા પ્રપંચી છતાં પણ સમજી શકી નહીં. અન્યદા મંત્રી તેની પાસે આવી તેની ઘણા પ્રશંસા કરેછે અને તે સાંભળીને વીરમતી મનમાં ફુલાયછે. આ જગતમાં માન કોને વહાલું નથી? સત્કાર કોને ગમતો નથી? પ્રશંસા કોને પ્રિય નથી? પોતાના અછતા ગુણની અતિશયોક્તિમય પ્રશંસા સાંભળીને પણ આ પ્રાણી મનમાં ફુલાય છે. પોતે તેવો હોવાનું માની બેસે છે અને જગત્ પોતાને તેવો ગણતું હશે એમ માને છે. પણ જગત કોઈથી છેતરાતું નથી. **દુનીઆ તો આરિસો છે.** તેની પાસે ખરૂં, ખોટું છાનું રહેતું નથી. કદી થોડો વખત ભલે દુનીઆ ખોટા વખાણ કે ખોટી નિંદાને પણ સાચા વખાણ કે ખરી નિંદા માને પણ પરિણામે સત્ય જ તરી આવે છે–તે વખતે દુનીઆ અભિમાનીની કિંમત બહુ ઓછી આંકે છે અને તેને તે હોય તે કરતાં પણ વધારે હલકો માને છે. આ વાત ખાસ યાદ રાખવાની છે.

હવે મંત્રી પાંજરામાં કુકડો દેખે છે એટલે તે બાબત વીરમતીને પ્રશ્ન કરે છે--વીરમતી ઉડાવવાનો જવાબ આપે છે, પણ મંત્રી તરત જ તે હકીકતને ખોટી કરી બતાવે છે. છેવટે વીરમતીને કહેવું પડે છે કે–'આ વાતની તારે વધારે પુછપરછ કરવી નહીં, નહીં તો તું પણ બીજો થઇ જઇશ.' એટલે કે 'તને પણ કુકડો કરી દઈશ.' મંત્રી તે વચન સાંભળી સડકજ થઈ ગયો. જગતમાં ભય મોહનીની અસર પણ અજબ તરેહની થાય છે. મંત્રીના મનમાં તો કુકડો કોણ છે તેનો પત્તો વીરમતીથી જ મેળવવાની હોંશ હતી પણ તે મનની મનમાં રહી ગઈ. તે વખતે આ બધી વાત સાંભળી અંદર બેઠેલી ગુણાવળીને પોતાનું દુઃખ તાજું થયું. તેની આંખમાં આંસુ આવ્યા. શોકનો ઉદ્ગાર નીકળ્યો. મંત્રીના કાનમાં તેનો અવાજ આવતાં તેનું મન તેની તરફ આકર્ષાયું--ગુણાવળીએ 'કુકડો તે ચંદરાજા જ છે' એમ સમજાવી દીધું--મંત્રી સમજી ગયો, પણ ઉચિત અવસર ન દેખવાથી જાણે કાંઈ જાણ્યું જ નથી એવો દેખાવ કરી ઉઠી ગયો. એક અકાર્ય કરનાર મનુષ્ય તેને છુપાવવા માટે અનેક પ્રકારનાં અકાર્યો કરે છે, અસત્ય બોલે છે, પ્રપંચો કરે છે અને કોઇ રીતે પોતાનું અકાર્ય ખુલું ન પડે તેમ ચાહે છે. પરંતુ અકાર્ય તો ગમે તેવું છાનું કર્યું હોય તો પણ જાહેરમાં આવ્યા સિવાય રહેતું જ નથી. પાપને છુપાવી રાખવાને કોઈ શક્તિવાન્ થઇ શકયું નથી.

વીરમતીની વાત ઘરના ખુણાની છતાં તે જાહેરમાં આવ્યા વિના રહી નહીં. દેશ પ્રદેશમાં પ્રસિદ્ધ થઈ ગઈ; પરંતુ અભિમાની મનુષ્યના વિવેકરૂપી નેત્ર મીંચાઈ જાય છે. તે પોતાની હકીકત કોઈ જાણતું નથી એમજ સમજે છે. પુણ્ય પ્રકૃતિનો ઉદય હોય અને સ્વભાવની નિર્દયતાને લઇને લોકો ડર ખાતા હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્યાં સુધી કોઈ સામે થતું નથી; પરંતુ જ્યારે પુણ્ય પરવારી બેસે છે અને પાપનો ઘડો ભરાય છે ત્યારે એક સામાન્ય મ. પણ સામે થાય છે અને મહા બળવાન માણસ રાંક જેવો થઈ તેને આધીન થાય છે—આધીન થવું પડે છે. આવી જબરજસ્ત વીરમતીના પણ છેવટ શાં હાલ થાય છે તે આપણે આગળ જોશું. પ્રાણીએ પ્રથમના દેખાવથી મોહ પામવો નહીં. પરિણામ આવતા સુધી ધીરજ ખમવી અને પછી અભિપ્રાય બાંધવો. વીરમતીને અંતઃકરણથી તેની બધી પ્રજા ધિક્કારતી હતી, પરંતુ તેના ભયથી કોઈ બોલતું નહોતું. સામાન્ય રાજાઓ પણ તેને આધીન થઈ ગયા હતા. તેમાં વળી એક **હેમરથ** નામનો રાજા સામો પડનાર નીકળ્યો. તેના મનમાં એમ આવ્યું કે ' આ રંડા ( સ્ત્રી ) શું રાજ્ય જાળવી શકવાની છે ? ' તેની વાત ખરી હતી, પરંતુ હજુ વીરમતીનું પુણ્ય પહોંચતું છે તેથી તે જીતી શકવાનો નથી, આ હકીકત આપણે હવે પછીના પ્રકરણમાં વાંચવાની છે. હાલ તો આ પ્રકરણમાં વીરમતીના પ્રપંચનો વિસ્તાર વર્ણવ્યો છે તેનું મનન કરવાનું છે, પ્રપંચ કયાં સુધી ફાવી શકે છે તે ધ્યાનમાં લેવાનું છે અને એવો પ્રપંચ કોઈ પણ જીંદગીમાં પોતાથી ન થાય એવો દૃઢ નિશ્ચય કરવાનો છે. પ્રપંચ કરનાર ફાવે છે ત્યારે મનમાં આનંદ માનેછે પણ તેના વિપાક આ ભવ અને પરભવમાં જ્યારે અત્યંત કડવા અનુભવવા પડે છે ત્યારે આંખ ઉઘડે છે. આ સંબંધમાં હજુ આગળ વધારે વીવરણ આવવાનું હોવાથી હાલ તો આ પ્રકરણ અને તેનું રહસ્ય અહીંજ સમાપ્ત કરવામાં આવે છે અને આગળ વીરરસવાળું પ્રકરણ વાંચવા સાવધાન કરવામાં આવે છે.

# મુનિ કેવા હોય ?

આચારી, વિચારી, બ્રહ્મચારી, નિર્મળ, નિરહંકારી, કંચનકામનીના ત્યાગી, તેડ્યા જાય નહીં, નોતર્યા જમે નહીં, તળાવે તરશ્યા, વિવાહે ભૂખ્યા, સંસારથી ઉપરાંઠા, મોક્ષની સામા, છકાયના નાથ, છકાયના પીયર, છકાયના છત્ર, અનાથના નાથ, અશરણના શરણ, અબંધવના બંધવ, તરણતારણ, સફરી જહાજ સમાન, કામધેનુ સમાન, કલ્પવૃક્ષ તૂલ્ય, અભિનવ ચિંતામણિ, દુખીઆના વૈદ્ય, નિરાધારના આધાર, સન્માર્ગના સૂચવનારા, સન્માર્ગે ચાલનારા, ભવોભવના દુઃખનો નાશ કરનારા, આત્મહિતના અભિલાષી, આત્મહિતના ચિંતક, અધ્યાત્મ રસીક, અધ્યાત્મ પરાયણ, સંસાર સુખના અનિચ્છક અને શિવવધુના વહાલા હોય.

For Private And Personal Use Only